ૐ

શ્રી

અર્પણ પત્રીકા.

ધર્મ, અર્થ, કામ, અને, મોક્ષના,
અધિપતિ, ભગવાનશ્રી **દ્વારકાંધીશ.**

ધણીની શેવામાં, કૃપા, ક્ષમા, અને દયાની મુર્તિ આપશ્રીની સુપ્રેરણાથી ભક્તિમાર્ગ દર્શાવિ જગતજનનું કલ્યાણ કરનાર, આપશ્રીના સદ્‌ગુણી સંતજનનો પ્રભાવ આપશ્રીની કૃપાથી આપશ્રીના દાસનો દાસાનુદાસ દીન અકીંચન અલ્પજ્ઞદાસ; આ લખીને કૃતાર્થ થવાની આશાયે આપશ્રીનેજ અર્પણ કરવા આપશ્રીની કૃપાથી ઉત્સાહી થયો છું; તો દીનકરને દીપ, અને જલનીધીને અંજલીની પેઠે આપશ્રી કૃપા કરિને આ અલ્પની; ભેટ સ્વીકારી કૃતાર્થ કરવા કૃપા કરશોજી.

લી૦
આપશ્રીની પ્રેરણાથી
આપશ્રીનો અકીંચનદાસ,
મેઘજી લાલજીના
સાષ્ટાંગ.

॥ हरिः ॐ श्री सद्गुरु परमात्मनेनमः ॥

॥ श्रीमतेरामानुजायनमः ॥

ग्रंथ लेखनुं मुहुर्त (दोहो)

ओगणीशे, अडसड, संवत, जन्माष्टमी बुधवार,
नंक्षत्र, रोहणीमां लखी, टिका अकल अनुसार,

श्री संतप्रभाव ग्रंथ प्रारंभ.

प्रकरण (१) पहेलुं

संत स्वरूप निश्चय.

मंगल मय करूनाय तन; सर्व कल्यान गुन धाम;
ममभानस सूर हंस वत; रमन करहु सीय राम; १

(टिका) नारायणनी प्राप्तीना द्वार संत प्रभावनुं निरूपण करवा माटे प्रथम श्री सद्‌गुरूदेवने मन वडीने साष्टांग पूर्वक नमस्कार करिने मंगजने करवा वाळा करूणानुंज स्वरूप अने सर्व कल्याण तथा गुणोना धाम एवाजे मारा इष्ट श्री रघुकुळम-

ણી રામ અને સીતા, એમને અરજ કરૂંછું કે મારા રદય રૂપી માનસ સરમાં હંસની પેઠે સદા સર્વદા કૃપાથી રમણ કરો; (૧)

(હવે પ્રથમ નારાયણની પ્રાપ્તીનું દ્વાર અને સર્વ શુભ સાધનોનો સાર જે છે તે સત્સંગજ છે માટે સત્સંગમાં મુમુક્ષુની પ્રવૃતિને સારૂ સંત પુરૂષના મહીમાં નીરૂપણ કર્યો છે; ત્યાં પ્રથમ સાધુ પુરૂષને નમસ્કાર પુર્વક સત્સંગનો નારાયણની પ્રાપ્તી વિશે અન્વય વ્યતિરેક કરિ દેખાડયો છે;)

સજ્જન પદરજ વંદી કે; કરૂં સજ્જન ગુન ગાન;
જીહીં મીલબીન હરિ નામીલે; યહ નિશ્ચય કરિ જાન; ૨

(ટિકા) સજ્જનના ચરણની રજને વંદન કરિને કહુછુ કે જો તે સજ્જન મળે તો શ્રી હરિ મળે; એ અન્વય અને સજ્જન ન મળેતો શ્રી હરિ પણ નજ મળે; એ વ્યતિરેક; (સવાલ) ત્યાં સજ્જનનું શુ પ્રયોજન છે; સંત વીના પણ ભક્તિ જ્ઞાનાદીક સાધનથી શ્રી હરિ નારાયણની પ્રાપ્તી થશે; ત્યાં કહ્યું છે કે ભક્તિ જ્ઞાનાદીકથી નારાયણની પ્રાપ્તી થાય તે પત્ની વિનાં પુત્રનીપેઠ સત્સંગ વિના જ્ઞાન દુર્લભ છે; (૨)

(હવે તે અર્થને દ્રષ્ટાંત આપીને દ્રઢ કર્યો છે;)

જ્યોં જલ સરિતાસુ મીલે; મીલત સીધુમે જાય;
સુજ્જન મીલી સત પથ ચલી; ત્યુ હરિ માંહી સમાય; ૩

(ટિકા) જેમ તુંબડીનું જળ અન્ય સ્થળે નાખ્યું તે સમુદ્રને મળે નહિ પણ જો ગંગાજીમાં નાખ્યું હોય તો ગંગાજીના જળ

માં મળીને ગંગાજીના જળ સાથે ચાલીને તે જળ સમુદ્રને મ-
ળે છે; કેમકે તે નદી સમુદ્રને મળતી છે; પરંતુ ગંગાજીમાં
નાખેલ પથ્થર તે ઉપરથી તો જળને મળ્યો પણ અંદરથી ન મળ્યો
અને જળની સાથે પણ ન ચાલ્યો; તેથી તે સમુદ્રને ન મળ્યો,
તેમ મુમુક્ષુ સત પુરૂષોને મળીને સત પુરૂષનું માર્ગે ચાલીને નારા
યણને મળે છે, પરંતુ મુઢ જે છે તે ઉપરથી તો પથ્થરની
પેઠે સંતને મળ્યો છે, પણ સંતપુરૂષની રીતે વર્તન નથી
રાખતો, તેથી નારાયણને નથી પામતો એમ અર્થ કરીને નારા-
યણની પ્રાપીનું દ્વાર સતસંગ કહયો, હવે પોતાની વાણીની સફળ-
તા માટે શ્રીમદ્ ભગવદ્ ગીતાના દૈવી ઇત્યાદી પાંચ શ્લોકના અ-
ર્થ કરીને સત પુરૂષનો નીરધાર કર્યો છે,(૩)

દુરતર ગુનમયિ રામકી, માયા નદીકા પુર,
રામ રૂપ પ્રાપત ભયે, તિરે ધન્ય વેસુર, ૪

(ટિકા) ગુણમાં આદી મનવડીએ કરીને અષ્ટધા ભેદ પામેલ,
અને સત્વ,તમો, ને રજો ગુણ મીશ્રીત, એવીજે નારાયણીની માયા,
તે માયા નદીનું જાગ્રત અવસ્થા આદી પ્રપંચ રૂપે જે પુર છે,
તે પુરને માયાના અધીષ્ટાતા જે પર્માત્મા, તેનું યથાર્થ જ્ઞાન
જાણીને જે તરે તે જન જગતમાં ધન્ય છે, (૪)

(સવાલ) જયારે નારાયણના જ્ઞાનથીજ નારાયણને જાણીને
નારાયણની માયાને તરેછે, ત્યારે સહુ નારાયણના ચરણમાં જઇને
નારાયણની માયાને કેમ ન તરે, (ત્યાં, જવાબ, -ગીતા-અ-૭-શ્લો-૧૫

॥ नमांदुष्कृतिनोमूढाः प्रपद्यंतेनराधमाः ॥
॥ माययापहृतज्ञाना आसुरंभावमाश्रिताः ॥

(હવે તેનો અર્થ કરીને સમાધાન કરે છે,)

હરિ માયાને હર લીયો, હરિ સ્વરૂપકો ગ્યાન,
અવિવેકી, પાપી અધમ, ભજત ન હરિકું જાન, ૫

(ટિકા) જેનું નારાયણની માયાથી નારાયણમાં નારાયણ પણાનું જ્ઞાન હરાય ગયું છે, તે સહુ મુઢછે, તે દેહ ધન સ્ત્રી પુત્રાદી પ્રપંચને વિશે અહંતા મમતા રૂપ મોહને પામેલા છે, તેથી તે પાપી છે, અને તેથી તે સર્જનાની વચ્ચે પણ જે અધમ છે તે શ્રીહરિને શર્ણ ગયા છતાં પણ શ્રીહરિને પરિબ્રહ્મ નથી જાણતા, તેથી સર્વેશ્વર ભાવે નથી ભજતા, (૫)

(હવે તેનો ભાવાર્થ કહેછે,)

સંત રૂપ જાને બીનાં, વૃતિ વેગ બહયો જાત,
નેક સંભારિ ન સકે, તદ્રુપ ગોતે ખાત, ૬

(ટિકા) નારાયણની માયાયેં જેનું જ્ઞાન હરિ લીધું છે, તે નારાયણને જાણ્યા વિનાં નારાયણની માયાનું અંતઃકરણના સંકલ્પ વિકલ્પ રૂપ જે પુર, તે પુરમાં વહયા (તણાયા) કરે છે. એ નદીના પુરમાં પડ્યો તે પુરનેજ અનુસરે છે, હેરિ નથી શકતો,

તેમજ મનની વૃત્તિના વેગમાં જે પડયોછે તે પણ હું સુખી છું હું દુઃખીછું એમ મોહ પામીને ગોથાં ખાયછે, સ્થીર બુધ્ધિ નથી રાખી શકતો, (૬) (હવે જે રામને પ્રાપ્ત થયો તે રામની માયાને તર્યો છે, એમ કહ્યું તેનો ભવાર્થ કહે છે,)

જાગ્રત સ્વપ્ન સુષુપ્તી યહુ, બુધ્ધી અવસ્થા તીન,
નદી તીરે વે માનીયે, તટ તુરિયા સ્થીતિ કીન, ૭

(ટીકા) જીવની ચાર અવસ્થા છે, તેમાં જાગ્રત સ્વપ્નને સુષુપ્તી એ ત્રણજે છે તે ઉપાધી ભુત બુધ્ધીની છે, અને ઇચ્છાથી ચોથી અવસ્થા એટલે તે ત્રણે અવસ્થાને વિવેકથી જુદી કરીને જે સ્વરૂપ સ્થીતિ છે તેની દ્રષ્ટિ, એટલે આ નદીના પર તિરરૂપ જે પર્માત્મા તે તેનાથી જુદો નથી, માટે જે સ્વરૂપે સ્થીર છે, એવો પર્માત્મા, તેને વિશે જેણે મનને સ્થીર કર્યું તે જાગ્રદાદી અવસ્થારૂપ માયા નદીને તર્યાં જાણવા, =૯= ગીતા-શ્લો૦-૧૬-મો-અ૦-૭-મો

॥ चतुर्विधाभजंते मांजनाः सुकृतिनोऽर्जुन ॥
॥ आर्तोजिज्ञासुरर्थार्थी ज्ञानीचभरतर्षभ ॥

(તેનો અર્થ) આર્ત એટલે અકસ્માત સિંહ ચોર સાપ વિગેરેનું દુઃખ નિવારવા માટે ભજનાર, જીજ્ઞાસુ એટલે મોક્ષની ઇચ્છાથી ભજનાર અર્થાર્થી એટલે ધન પુત્ર સ્ત્રી વિગેરેની ઇચ્છાથી

ભજનારો, અને જ્ઞાની તે નીષ્કામ પણે કાંઇ આશા રાખ્યા વિના ભજનારો તે ચારે પ્રકારનાં પુન્યવાન જનો જે છે તે નારાયણને ભજે છે, (સવાલ) ત્યારે તે ચારે બરાબર હશે કે કેમ, ત્યાં વિશેષ કહે છે, ગીતા–અ૦–૧૭–શ્લો૦–૭–મો–

॥ तेषांज्ञानीनित्ययुक्त एकभक्तिर्विशिष्यते ॥
॥ प्रियोहिज्ञानिनोऽत्यर्थमहंसचममप्रियः ॥

૯ અર્થાત ભગવાનશ્રી કહેછે કે જે જ્ઞાનીછે તે માહારૂં સ્વરૂપ છે ઇચ્છાથીજ મને ભજનાર છે, કેમકે તેની એક માગ સ્વરૂપ વિશેજ ભક્તિ છે, સ્ત્રી પુત્રાદીક વિષે ભકિત વિખરી નથી, કેમકે મારા વિના બીજો, કોઇ પદાર્થ તેણે ભજવા લાયક નથી જાણ્યો માટે તેથી તે અધીકતાને પામ્યોછે, વળી જ્ઞાનીનો હું આત્માછું, તેથી જ્ઞાનીનો હું અત્યંત પ્યારો છું, તે આત્મા પ્રીય જગતમાં પ્રસિધ્ધ છે, (સવાલ) તમે પ્રાણી માત્રના આત્માછો, તેથી તમે સર્વને અત્યંત પ્યારા કેમ નહીં, ત્યાં કહેછે કે તે વાત ખરી પણ તે સર્વ મને આત્મા કરીને નથી માનતા પરંતુ જુદો માને છે તેથી તેને હું અત્યંત પ્યારો નથી, પણ જે જ્ઞાની છે, તે મને આ ત્માથી જુદો નથી માનતો માટે તે મારો આત્મા છે, તેથી તેને અત્યંત પ્યારો છે,

૯ (સવાલ) ત્યારે આર્તાદી ત્રણ ભકત છે તે નારાયણને

પ્રીય નહીં હોય કે કેમ ત્યાં કહે છે,–ગીતા–અ૦–૭–શ્લો–૧૮–મો–

॥ उदाराःसर्वएवैतेज्ञानीत्वात्मैव मे मतम् ॥
॥ आस्थितःसहियुक्तात्मामामेवानुत्तमांगतिम् ॥

૧૦ અર્થાત શ્રી ભગવાન કહે છે કે એ ત્રણે ભક્ત કૃતાર્થ છે, મને પ્યારાછે, ભક્ત કોને પ્યારો ન હોય, પણ તેમાં જ્ઞાની મને અત્યંત પ્યારો છે, એટલો વિશેષ કેમકે જ્ઞાની છે તે મારો આત્મા છે, મારાથી જુદો નથી, એવો મારો નિશ્ચય છે, તેથીજે જ્ઞાની છે તે હું પર્માત્માનોજ અંશછું વાસુદેવ રૂપજછું તેથી જુદો નથી, એવી સ્થીર ચિતવૃતિ વાળો જે છે તે પામવા લાયક પરિગ્રહ ઉતમ ગતી મનેજ જાણે છે, અને મનેજ મળવામાં પ્રવૃત છે, તેથીતે સર્વોતમ છે,

૧૦ (હવે તે ચારેય શ્લોકનો અર્થ એક દોહામાં બતાવે છે,)

જ્ઞાનિ ભક્ત ગોવિંદનેં, ચારિ ભક્તકે માંહિ,
શ્રેષ્ટ યુક્ત પ્રીય આતમા, ઈન સમ દુજા નાંહીં, ૧૧

ટિકાઃ– ચારે પ્રકારના ભક્ત છે તેમાં ભગવાંનને જે જ્ઞાની ભક્ત છે, તે બહુજ પ્રીયછે અને તેને પોતાના આત્માતુલ્ય શ્રેષ્ટ માન્યો છે, તેના સમાન બીજા ત્રણેને નથી ગણ્યા, કેમકે ભક્ત જેવે ભાવે ભગવાનને ભજે, તેવે ભાવે ભગવાન ભક્તને ભજે છે કંસને કાળને નંદને બાળ ભાવ હતો, તો તેને તેવોતેવો લહ્યુ

મહીપો॰ ૧૧

ઉતમ ભક્ત પ્રતિ બીંબ વત, જાનહુ રામ સમાન,
નીજ રૂપ સમ્યક ઉદાં, ભાસત કછુ ગુન ભાન, ૧૨

ટિકાઃ- જેને ગીતાજીમાં ગ્નાની ભક્ત કહ્યો છે, તેનેજ ભાગવતના એકાદશ સ્કંધમાં ઉતમ ભક્ત કરીને કહ્યા છે, તેને નારાયણ સમાન જાણવો, જેમ પ્રતિ બીંબમાં બીંબનું સ્વરૂપ યથાર્થ ભાસેછે, ને કાંઇક ઉપાધીના ધર્મ પણ ભાસેછે, તેમ ઉતમ ભક્તને વિશે રામ સ્વરૂપ સમાંન ભાસેછે, અને વ્યવ્હાર કાર્યમાં ક્યાંક ઉપાધી કે ગુણ પણ જણાયછે, અથવા જેમ અગ્નીના પ્રતિ બીંબમાં અગ્નીનું સ્વરૂપતો બરાબર દેખાયછે, પરંતુ અગ્નીનો ગુણ જે દાહક શકિત તે પ્રતિ બીંબમાં નથી, જે તેમાં પ્રકાસછે, તે તો જણાય છે પણ દાહ છે તે પ્રતિ બીંબમાં નથી, તેમ ઉતમ ભક્તને વિશે પણ સત્ચીદાનંદ શ્રી રામનું સ્વરૂપ છે તે તો સમાંન ભાસે છે પણ એશ્વર્યાદી ગુણ જે છે, તે કોયમાં ઓછા વધતા જણાય છે, અને, ગ્નાન, વૈરાગ્ય, પણ સરખાંજ નથી હોતાં, એટલે પ્રતિ બીંબમાં જેમ ઉપાધીક ફેરફછે; તેમ ભક્તોમાં તફાવત છે, અને ઐશ્વર્ય, સર્વગ્નત્વ, સર્વ શકિતમાનપણું એવા જે ગુણ ખુદ નારાયણમાં છે તે પ્રતિબીંબ રૂપમાં નથી, તો પણ ગ્નાની સ્વરૂપે પર્માત્માથી, જુદો નથી પરંતુ ઉપાધી ભેદનું અવલંબન લઈને સરખામણી દર્શાવી, (સવાલ) એવો અગ્નાની ભક્ત પણ પ્રભુનો પ્રતિબીંબછે, ત્યારે

તેવાને વિશે પ્રતિબીંબનું દ્રષ્ટાંત કહ્યું; માટે સ્વરૂપની સરખી પ્રાપ્તી હશે કે કેમ; ત્યાં કહે છે કે બરાબરજ છે; પ્રભુ જે છે, તે તો પોતાના સ્વરૂપથી સહુમાં સરખોજ છે; તથાપી ઉપાધીના અવિવેકથી એક સરખો છે છતાં અજ્ઞાની તેને યથાર્થ નથી દેખતો; માટે અજ્ઞાની કર્તા જ્ઞાનીમાં દેખાય છે એટલો વિશેષ છે; (જેમ દર્પણમાં જે જુવે તેને પોતાનું મુખ દેખાય પણ નેત્ર રહિત ને, ન દેખાય તેમ આમાં પણ જ્ઞાનીને નેત્રવાળો સમજવો.) ૧૨

॥ ઇતિશ્રી સંત સ્વરૂપ ધારણ નામનું (૧) લું પ્રકરણ સમાપ્ત. ॥

શ્રી સંત પ્રભાવ પ્રકરણ (૨) જું.

(સત્સંગનું ફળ.)

પહેલા પ્રકરણમાં સંત કોણ કહેવાય; તે નિશ્ચય કર્યું; હવે સંત પુરૂષ એટલે જ્ઞાની કહો કે ઉત્તમ ભગ્વત ભક્ત કહો; તેનો મહિમા અધીકજ જણાવ્યો; ને તે સંત પુરૂષનું સ્વરૂપ નક્કી કર્યું; હવે તેવા સતપુરૂષના સંગનું અર્થાત્ સત્સંગનું ફળ આ બીજા પ્રકરણમાં જણાવે છે;

(દો૦) ઉનકે સંગ છીન એકતેં, જો ફલ સુકૃત હોય;
બીન સતસંગ સતજન્મ કરિ સોફલ હોય ન હોય. (૧)

ટીકા—તે કહે છે કે જે ઉત્તમ ભક્ત છે; તેના એક ક્ષણ માત્ર સત્સંગથી ઉત્તમ અધિકારિને જે જ્ઞાનાદીક ફળ થાય છે; તે ફળ સત્સંગ વિના પોતાની બુદ્ધિથી જો સો જન્મસુધી પ્રયત્ન કરે; તોપણ કોયને થાય નહી; કેમકે અગમ્ય ઇશ્વરનું જ્ઞાનશાસ્ત્ર ગુરૂ ઉપદેશ વિના પ્રાપ્ત થાતું નથી. (૧)

હવે સત્સંગથી ફળ થાય છે તેને કહે છે;

(દો૦) સત્સંગતિ તેં હોત હૈ, જ્ઞાન ભક્તિ વૈરાગ્ય;
શુભ ગુણ સંપતિ હોય સબ; જાન્ હૈ વસ્તુ વિભાગ. (૨)

(ટીકા) સત્સંગથી જ્ઞાન વૈરાગ્ય ભક્તિ પ્રાપ્ત થાય છે; અને શમ દમ આદી શુભ ગુણરૂપ જે મુમુક્ષુનું ધન, તે સર્વની પ્રાપ્તી પણ સત્સંગથીજ થાય છે. (૨)

હવે જ્ઞાનાદીકનું નિરૂપણ કર્યું છે.

(દો૦) સુસંગ બીન બહુ કલ્પ કરી, અબ તક ઉપજ્યો નાહીં,
જ્ઞાન સો પ્રગટે સહજહિં સતસંગતિ કે માંહી. ......(૩)

(ટીકા) આ જીવ જે છે, તે સંપુર્ણ સુખની પ્રાપ્તી, અને સંપુર્ણ દુઃખની નિવૃતિને ઇચ્છે છે. પરંતુ સંપુર્ણ સુખનું સાધન જે જ્ઞાન, તે તેણે નથી મેળવ્યું તેથી સત્સંગ ગુરૂ ઉપદેશ વિના પોતાની અટકળથી મનસા વાચા સુખની પ્રાપ્તીને દુખની નિવૃતિના યત્ન સદા કર્યા કરે છે, તે યત્નો કરતાં બહુ કાળ વિત્યા તોપણ સંપુર્ણ સુખની પ્રાપ્તીને દુઃખની નિવૃતિ થઇ નથી. કેમકે સંપુર્ણ સુખનું સાધન જે પરમાત્માનું જ્ઞાન; તે તેને આજ સુધી પ્રાપ્ત ન થયું. એવું અતિ દુર્લભ જે જ્ઞાન છે તે સત્સંગમાં અધિકારીને સહજમાં વિના પ્રયાસે હસતાં ખેલતાં ઉત્પન્ન થાય છે; કેમકે સતપુરૂષનાં સ્વભાવિક વચન છે તે પણ ઉપદેશ રૂપજ છે. (૩)

હવે ભક્તિરૂપ ફળને દેખાડે છે.

(દો૦) દ્રઢ સુભક્તિ સતંસંગતે, હોત રામકી જાંની,
વસકરણી, યા, અવસકું, સદગુણ સંપતિ ખાંની. ...(૪)

ટીકા—જેમ ધુળનાં દેહાંથી જાડી શિલા ભાંગે નહિ, તેમ વિઘ્નથી અપ્રતિત એવી જે નારાયણની દ્રઢ ભક્તિ, તે સત્સંગથી થાય છે તે ટળતી નથી. વળી જે વશ ન થાય એવું અવશ જે મન, તેને પણ વશ કરાવવાવાળી અથવા અવશ એટલે કોઇને વશ ન થાય એવા જે અજીત નારાયણ, તેને પણ ભક્તને આધીનકરી આપનારી, વળી એ ભક્તિ કેવી છે કે સારા જે ગુણો જ્ઞાન વૈરાગ્ય વિનયાદી તેની તો ખાંણ છે. (૪.)

હવે વૈરાગ્ય દેખાડયો છે.

(દો૦) સાધુ જનકે સંગતેં, ઉપજત દ્રઢ વૈરાગ્ય,
જો બીન કોટિ જતનતેં, મીટતન મનકો દાગ. ......(૫)

ટીકા—કુસંગથી પણ હણાયો નહિં એવો દ્રઢ વૈરાગ્ય જે છે. તે સત્સંગથી થાય છે, વળી વૈરાગ્ય કેવો છે કે જેમ. ધાતુના પીત્રમાં જુનો ચીકણો ઘણા દીવસનો મજબુત દાગ બેસી ગયેલ હોય તે અગ્નિ વિના જાય નહિ તેમ અનેક જન્મના અભ્યાસથી દ્રઢ થયેલા જે રાગાદીક તેને ખાઇ, જનાર વૈરાગ્ય છે; તે વિના અનેક તપાદીક યત્નથી પણ તે રાગ નથી ટળતા. (૫.)

(દો૦) અધિકર શુન્ય અધિકારી છે. તે વ્હે, અધિકાકુ જ્ઞાન,
રૂચ્છ ને પોષણુ જ્ઞાનકી, સતસંગતિતેં માન.........(૬)

ટીકા—અધિકારીનાં લક્ષણ વૈરાગ્યાદીક છે, તે જો સત્સંગ કરે તો અધિકારી થવાય, અધિકારી હોય, અને સત્સંગ કરે તો જ્ઞાની થવાય, અને જ્ઞાન મેળવીને પણ સત્સંગ કરે તો જ્ઞાન નિત્ય બન્યું રહે, રક્ષણ થાય; દીન પ્રતિદીન જ્ઞાન વધતું જાય. પોષ્ટું પામે; દ્રઢ સ્થિતિ થાય માટે સદાય સત્સંગ કરવો. (૬.)

(દો૦) પુન્યવાન જો કરત હેં, સતસંગતિમેં વાસ,
કોદીન કરી સિદ્ધ હોત હેં, સો જન બીન પ્રયાસ. ...(૭)

ટીકા—બડભાગી જે સતપુરૂષોના સંગમાં રહે છે તે સાધન શ્રમ વિના વર્ષ બે વર્ષમાં સતપુરૂષનાં વચનો સુણીને જ્ઞાનવાન થાય છે.

હવે તે અર્થને દ્રષ્ટાંત આપીને દ્દઢ કરે છે.

(દો૦) સુકૃતિ રોપ કુઠામમેં, વિફ્લના નાસકે જાય,
સુસંગ વાસકું પાયકે, ઉછરે ફ્લે સુભાય. ....(૮)

ટીકા—જેમ આંબા વિગેરે સારાં ઝાડના રોપા ઉકરડા ઉપર ઉગે, તે ફ્ળ થયા વિનાં વચમાંજ લોકોના પગની નીચે કચંરાય ને કે કોઈ રીતથી માર્યા જાય, અથવાં બકરાં કે ગધેડાં ચરી જાય, તેમ પુન્યવાન પુરૂષ પણ કુસંગમાં પડેલો હોય તો જ્ઞાનાદી ફ્ળ થેયા વિના વચલી અવસ્થા (જુવાની)માં કાંતાદીક બકરીઓથી અથવા ગદ્ધા જેવા મુર્ખ પુરૂષોથી માર્યો જાય છે. એમ એક પક્ષ કહ્યો. હવે ફ્રરી રોપાનો દાખલો આપીને બીજો પક્ષ કહે છે જેમ રોપાને કોય દયાળુ ઉપાડીને કયાંય બગીચામાં કીનારે પાણીના ધોરીયા પાસે રોપી દયો; તે રોપનું પછી ભલે કોય રક્ષણ પોષણ ન કરે, પણ બીજા રોપા બાગમાં વાવેલા હોય તેનું તો રક્ષણ પોષણ બાગવાળો કરશે તેની સાથે આનું પણ રક્ષણ પોષણ થાશે, ને તે એમજ વધવા માંડશે; બે ચાર વર્ષમાં ફ્ળ આવવા લાગશે; તેમ સત્સંગમાં આવવા લાગેલો પુરૂષ, તેને પણ ભલે ઉપદેશ નહિં કરો, તોપણ જે સતપુરૂષો માંહો માંહે એકબીજા વાતો કરતા હશે, તે સાંભળીને તે જ્ઞાન મેળવી લેશે.

હવે અનાધિકારી છે તે પણ ઉપદેશ વિનાં પણ પહેલાની

પેઠે સજ્જનોનાં સહજ વચન સાંભળીને સિદ્ધ થાશે, ત્યાં કહ્યું છે કે

(દોહ) સજ્જન સીધું ઉમંગ કે; રતન ઉછ્નિં જાય;
ભાગ્યહીન ભર મુઠ્ઠિકું; શંખસું હાથ ભરાય, ...(૯)

(ટિકા) સમુદ્ર જોરથી ઉમંગી, અને મોજાં નાખે છે, તેની લેહેરમાં રત્નાદીક પણ કીનારે આવિ પડે છે; તે રત્ન કોઇ ભાગ્યવાનને હાથ આવિ જાય છે; તેની દેખાદેખીથી કોયે ભાગ્યહીંન પણ મુઠી ભરે છે; તો તેની મુઠીમાં શંખલાં આવે છે; તેમ સંતપુરૂષને ઉમંગ આવિ જાય છે ત્યારે જે ગુપ્ત રહસ્યનાં વચનોનો પ્રકાશ નિકળે (પ્રગટ થાય) છે; તે કોય પુણ્યવાન અધિકારિને જ્ઞાનાદી ફળનાં દાતા થઈ જાય છે; પરંતુ ભાગ્યહિંન જે અનાધિકારિ છે તે સતપુરૂષોનો સંગ કરિને તેનાં વચન સુણીને માંહેથી દ્વેષ નીંદાદી દોષ ગ્રહણ કરિને આવે છે; (૯)

હવે સંત સમુદાયને પરમપદનાં ફળરૂપ કરિને કહે છે;

(દોહ) બીન સતસંગ ભુલો પરે; ધામ મુકામ ન પાય;
કહાંસે કહાં જાતુ રહે; લુંટયો માર્યો જાય; ....(૧૦)

(ટિકા) જેમ, ચોર, સિંહ, વાઘ વરૂ વિગેરે ભયંકર પ્રાણીયોથી વ્યાપેલું જંગલ હોય તેમાં ભોમીયા વિના એકલો અજાણ્યો માણસ જાય તો ભૂલો પડે ધારેલે મુકામે પહોંચે નહીં; જાવું હોય નગરમાં ને જઇ ચડે ઉજ્જડ વેરાંનમાં, અથવા કોઇ ચોર લોકોથી લુંટાઇ જાય; કે વાઘ વરૂથી માર્યો જાય; તેમ મોક્ષના માર્ગમાં જગતરૂપી જંગલ છે, તેમાં દેવાદિક ચોરના વિઘ્નથી લુંટાય જાય; અથવા કામાદીક વ્યાઘ્રથી માર્યો જાય; એવો મોક્ષનો માર્ગ આ જગત-

રૂપી ભયંકર જંગલમાં થઇને નીકળે છે; તે માર્ગમાં કોઇ વિરલાજ ચાલે છે; બધાં લોકો નથી ચાલતાં તેથી ઉજડ એવો મોક્ષપુરિનો માર્ગ છે; તેમાં સતપુરૂષના સાથને છોડીને મન મુખિયાપણે એકલો પોતાને ડહાપણે મોક્ષ મારગે જવા ધારે તો વચમાં (જુવાનીમાં) ભુલો પડે; અર્થાત્ મોક્ષ માર્ગથી ભ્રષ્ટ થઇને કુસંગમાં જઇ પડે; અથવા દેવતાઓના વિઘ્નથી સિદ્ધિઓમાં લોભાઇને લુંટાઇ જાય, કાંતો કામઆદી વિષયોથી માર્યો જાય પરંતુ મોક્ષપુરિને વિષે પહોંચે નહી. (૧૦)

એમ વ્યતિરેક કહ્યો, હવે અન્વય કરીને કહે છે.

(દો૦) સાધુ જાતકે સંગમેં કહું વિઘતા નહિ ખાય,
માર્ગ બુઝત ના પડે, સહજ પરમ પદ પાય. ......(૧૧)

ટિકા—સતંપુરૂષના સંગમાં રહેતો કોઈ વિઘ્નથી હેરાંન ન થવું પડે અને સહજે રક્ષા થાય, તે સતસંગમાં રહેનારાને મોક્ષનો માર્ગ ગોતવો નથી પડતો, કેમકે સંતપુરૂષનાં આચરણ પ્રમાણે વર્તન રાખવાથી એની મેળે પરમપદની પ્રાપ્તી થાય છે. (૧૧)

હવે સત્સંગના ફળનો સંગ્રહ કરિને કહે છે.

(દો૦) ભુતિ ભલાઇ ભાગ્યભગ, સતસંગતિતેં હોય,
બીન સતસંગ ન પાવહીં, કોટિ જતન કરી કોય. ......(૧૨)

ટીકા—જેટલી ઉત્તમ વિભુતિ, જે મોક્ષ મેળવવાનાં ધન શમ દમ આદી ભલાઇ સુકીર્તિ, સુભાગ્ય, જેટલાં ઉત્તમ કર્મ, ભગ એટલે જ્ઞાન વૈરાગ્ય વિગેરે તે સર્વ શુભનું કારણ જે છે તે સતસંગ છે; માટે જે જેનું કારણ હોય, તેનાથીજ તે કાર્યની સિદ્ધિ થાય.

અન્યથી નહિ. જેમ તાલણાઓનું વલ થાય ધુળનું નહિ. (૧૨)
(ઇતિ શ્રી સત્સંગ ફલ નિરૂપણ નામનું ૨ જું પ્રકરણ સમાપ્ત.)

શ્રી સંતપ્રભાવ પ્રકરણ (૩) જું.

(સત્સંગની શ્રેષ્ઠતા.)

એવી રીતે સત્સંગનો મહિમા કહ્યો, હવે સત્સંગ છે એજ સર્વ મોક્ષનાં સાધનોનું મુળ કારણ છે; તેથી સર્વ સાધનથી સત્સંગની શ્રેષ્ટતા દર્શાવી છે.

(દોહ) સતસંગતિકેલેસતે, જનકું જો ફલ હોય;
તપ તીર્થ વ્રત દાન મખ, સબમીલીકરે નકોય.........(૧)

ટીકા૦—સતપુરૂષનો લેશ માત્ર ઘડી બે ઘડીનો સહવાસ છે. તે પણ ઉત્તમ અધિકારીને જે સંસાર દુઃખની અત્યંત નિવૃત્તિરૂપ જે મોક્ષ ફળ છે, તેને આપે છે, અને તે ફળ તપ આદીક સર્વ સાધન મળીને અનેક જન્મ પર્યંત પ્રયાસ કર્તાં કાઇ પણ સાક્ષાત ન કરી શકે, કેમકે તે ક્રીયા જડરૂપ છે, તેથી સક્ષાત મોક્ષનાં કારણ નથી. (૧)

હવે તે વાતને દ્રષ્ટાંત આપીને દ્રઢ કરે છે.

(દોહ) લઘુ બાલ મૃગરાજકો, મારાત ગજકું ધાય;
સબ મીલીકે વનકે પશુ, સો ગજ હન્યો ન જાય.......(૨)

(ટિકા) જેમ સિંહનું નાનું એક બચ્ચું મોટા હાથીને માસ્સિને ઢાળિ પાડે છે; પરંતુ એજ હાથીને વનમાં બીજાં પશુઓ જે, હિર્ણાં, સસલાં, રોઝ વિગેરે સર્વ પશુઓમાંથી જુદાં જુદાં એક એક તો તે હાથીને ક્યાંથી મારિ શકે પણ કદાચ બધાં ભેગાં થઇ

તો પણ સર્વે સાથે મળીને પણ તે હાથીને મારવાને શક્તિમાન નથી; તેમ સત્સંગ સિવાય બીજાં સાધનો જે યજ્ઞાદી છે; તે મોક્ષ નથી કરિ શકતાં; (૨)

(દો૦) ગંગા જમુનાં સરસ્વતિ, તીર્થ ગુરૂ તીર્થ રાજ;
તીરથ કર તીરથ સબે, સમ નહિં સંત સમાજ.......(૩)

(ટિકા) તિર્થ, ગુરૂ, પુષ્કર, તીર્થ, રાજ, પ્રયાગ, અને ગંગા આદી સર્વ તિર્થ જે છે; તે પણ પવિત્ર છે; પાપોમાંથી નિવૃત્ત કરનારાં છે; માટે વ્યર્થ નથી; પરંતુ સત્સંગની બરાબર તે નથી. કેમકે સત્સંગથી અજ્ઞાન જાય છે; તે તિર્થથી નથી જતાં. (૩)

(દો૦) યજ્ઞાદીક સાધન સબે, રૂચી ફ્લ ભલ જગમાંહીં;
સબ ફ્લ સંત સમાજ સમ, એવી સાધન નાંહીં.......(૪)

(ટિકા) જગતમાં યજ્ઞાદીક જે સાધન છે તે સહુ શુચી (પવિત્ર) કાર્ય છે; નિર્દોષ છે; વળી સ્વર્ગાદીક ફળ સહિત છે; ભલે સારાં છે બુરાં નથી; તો પણ સત્સંગની બરોબર તે નથી; કેમકે તે પોતપોતાનાંજ ફળને આપનાર છે; અને સત્સંગ છે તે સર્વ ફળનો દેનાર તે; યજ્ઞ વિગેરે જુદાં જુદાં પુણ્ય કર્મથી જે જે પાપની નીવૃત્તિ થાય છે; તે સર્વ પાપોની નિવૃત્તિ એક સત્સંગથી જ થઇ જાય છે; વળી યજ્ઞના ફળમાં જે સ્વર્ગનાં સુખ છે; તે સર્વ સત્સંગનું ફળ જે મોક્ષનું સુખ છે. તેમાં અંતર્ભુત આવી જાય છે. જેમ અમૃતરસમાં સર્વ રસ અંતર્ભુત છે તેમ, માટે સર્વ સાધનથી અધિક શ્રેષ્ટ સત્સંગ છે, તે મનુષ્યે સદા સર્વદા કરવો. (૪)

હવે તે અર્થને દ્રષ્ટાંત આપીને દ્રઢ કરે છે.

(દો૦) જો આમ્રાદી સુવૃચ્છ હે, ભલે પલવ ફુલ ફુલ;
ભલે ભયે તો કહા ભયો, ભયો કલપ વૃચ્છ તુલ્ય......(૫)

ટીકા—જેમ સારાં પાંદડાં, ફળ ફુલવાળાં, આંબા, ફનસ, કેળ, વિગેરે ઝાડ છે; તે જાંબુ, ખેર, બાવળ, ના ઝાડ કર્તાં ભલે સારાં છે, તેથી કાંઇ કલ્પવૃક્ષથી પણ સરસ છે એમ કહિ શકાય; નહિંજ. કેમકે કલ્પવૃક્ષથી આંબા ફનસ; કેળ; વિગેરે જેમાં ફળ ચાહો તે પ્રાપ્ત થાય છે, અને આંબા વિગેરેનાં વૃક્ષોમાં તો માત્ર એકજ જાતનું ફલ એક ઝાડ આપી શકે. તે પણ તેની મોસમમાંજ રૂતુ વિણુ ફળ ન નિપજે, માટે સર્વ વૃક્ષ કરતાં કલ્પ વૃક્ષ જેમ શ્રેષ્ટ છે તેમ સર્વ સાધન કરતાં સત્સંગ શ્રેષ્ટ છે; કેમકે તેમાંથી જે ચાહો તે સર્વ ફળની પ્રાપ્તી થાય છે. (૫)

(દો૦) યજ્ઞ કરો કોઇ વ્રતકું, તપ તિર્થ કરો કોય;
સબ તજી સતસંગતિ કરો, રાંમ ચાહના હોય.........(૬)

ટીકા—સ્વર્ગાદીક મેળવવાની ઇચ્છા હોય તો યજ્ઞાદીક કરો. પણ જેને શ્રી રાંમ મેળવવાની ઇચ્છા હોય, તેણે તો સર્વને છોડીને સત્સંગજ કરવો. કેમકે પ્રભુની પ્રાપ્તીનું દ્વાર સતસંગજ છે. (૬)

હવે તે વિષે અન્વય વ્યતિરેક કરિને કહે છે.

(દો૦) બીન સત્સંગ હરિ ના મીલે, હેયોં વૈકુંઠ ધામ;
સત્સંગતિ તેં પાઇયેં, સો હરિ સબહી ઠામ............(૭)

ટિકા—નારાયણને બતાવનાર સતપુરૂષ મળ્યા વિના નારાયણ

આ લોકમાં તો ન મળે. એવો જાણે કે નજ મળે, પણ જ્યાં વૈકુંઠમાં સદા ચતુર્ભુજ સ્વરૂપે નારાયણ વિરાજમાન રહે છે તે વૈકુંઠમાં પણ ન મળે, કેમકે ગુરૂ વિનાં ગોવિંદની પ્રાપ્તી થતી નથી. એમ વ્યતિરેક કહયો. હવે અન્વય કરિને કહે છે. કે જે શ્રીહરિ સત્સંગ વિના વૈકુંઠમાં પણ નથી મળ્યા તે સત્ પુરૂષ મળે તો સર્વત્રમાં મળે છે. કેમકે વ્યાપક સ્વરૂપેં કરિને સર્વમાં રહ્યા છે.

હવે તે અર્થને દ્રષ્ટાંત આપીને પ્રગટ બતાવે છે. (૭)

(દો૦) સદ્‌વિમુખ દૈત્ય રાજકું, મીલ્યો બૈકુંઠમેં નાંહીં;
લખ્યો સર્વત્ર પ્રહલાદનેં, ખંભ ખડગકે માંહીં...........(૮)

ટિકા—સનકાદીક સંત પુરૂષોનો દ્રોહી જે હર્ણાકશ્યપ, તે સર્વ લોકમાં દિગ્વીજય કરિને નારાયણને જીતવા માટે યોગ તપાદીનું બળ મેળવીને વૈકુંઠમાં ગયો ત્યારે નારાયણે તેનીજ અંદર પ્રવેશ કર્યો. ત્યારે તે દૈત્યે સર્વત્ર બાહેર જોયું પણ કયાંય પ્રભુને જોયા નહિં ત્યારે એમ જાણ્યું કે મારાથી બીહિને ભાગી ગયા એમ સમજી દૈત્ય પાછો આવ્યો. તે કથા શ્રીમદ્ ભાગવત્‌માં પ્રસિદ્ધ છે. અને શ્રી હરિ હિર્ણાકશ્યપને વૈકુંઠ સુધી પણ તપાસ કરતાં ન મળ્યા તે શ્રીહરિ નારદજીના પ્રસાદથી પ્રહલાદજીએ સર્વત્રમાં ખડગ ખંભ વિગેરેમાં દીઠા. (૮)

સવાલ—યજ્ઞાદીકથી નારાયણની પ્રાપ્તી નથી ને સત્સંગથી નારાયણની પ્રાપ્તી થાય છે તેનું કારણ શું, ત્યાં કહે છે.

(દો૦) સત સંગતિ તે હોત હૈ, હરિકો નીર્મલ જ્ઞાન;
જા બીન કોટિ યત્ન તે, મીટે ન મોહ અજ્ઞાન....૯......(૯)

ટીકા—સતપુરૂષના સંગથી અધિકારીને અસંભાવના વિપરીત-ભાવના રહિત નારાયણનું નિર્મળ જ્ઞાન થાય છે; તે જ્ઞાનવિનાં અનેક યત્નથી મોહ અને મોહનું કારણ અજ્ઞાન તે મટતું નથી. (૯)

હવે તે અર્થને વધારે સ્પષ્ટ કરીને કહે છે.

(દો૦) પ્રલય અગ્ની કે તેજતેં, દ્વાદશ રવિકિ જ્યોતિ,
જો તમ મીટૈન સોતમેં; સત્સંગસેં દુરી હોતી.........(૧૦)

ટીકા—પ્રલયકાળનિવીશે પ્રલય અગ્નિની જ્વાળા અને દ્વાદશ સૂર્યની જ્યોતિ, એ સર્વનો પ્રકાશ સાથે થાય છે: ત્યારે સર્વ બ્રહ્માંડમાં ક્યાંય પણ તમ એટલે અંધારૂં રહેતું નથી, તોપણ તે પ્રકાશથી અજ્ઞાનરૂપી તમ (અંધારૂં) નાશ પામતું નથી, એવું જે તમ (અજ્ઞાન) તે અધિકારિને સત્સંગથી દુર થાય છે: માટે સત્સંગ છે તે સર્વથી શ્રેષ્ટ છે. (૧૦)

હવે સત્સંગની સ્તુતિદ્વારા સાત દોહા કરીને શ્રેષ્ટતા નિરૂપણ કરી છે.

(દો૦) અજ્ઞાન નિશા મોહ નીંદમેં, સુતોલહે સુસ્વપ્ન,
તાહિ બોધક, તમ, નાસ કરી, દીન મનીં હે હરિજન....(૧૧)

ટીકા—અંધારાનો હેતુ જે અજ્ઞાનરૂપી રાત્રી, અને નાના પ્રકારની ભ્રમણાનો હેતુ મોહરૂપી નિદ્રા, તે નિદ્રામાં ગર્ક થયેલો જે જીવ છે, તે નાના પ્રકારના જન્મરૂપી સ્વપ્નાનો અનુભવ કરે છે; એ હું સુખી છુ. હાય હું દુઃખી છું. એમ સદા મોહ નિદ્રામાં બકવા કરે છે. તે જીવને મોહ નિદ્રામાંથી જગાડનારો અને અજ્ઞાનરૂપી અંધારાંનો નાશ કરનારો જે હરિજન છે તે દીનમણી નામ સૂર્ય છે.

(દોહ) ચક્ર વ્રજકી ધાર તેં; કટૈન મોહકિ પાસિ,
સતસંગતિ તેં સહજહીં, બંધ હોત હૈ નાસી.........(૧૨)

ટીકા—દેહ ઇંદ્રિયો પ્રાણ વિગેરેમાં અહંબુદ્ધી એટલે હું અને મારાપણું એવો મોહ જે છે, તે નાગપાસોના બંધનની પેઠે આલોકનાં ને પરલોકનાં અનેક દુઃખનો હેતુ છે. તેથી જીવને, હું અને મ્હારૂં, એજ બંધન છે; તે અનાદીકાળનું છે; બીજાં જે બંધન છે, તે તો કાળે કરીને જુનાં અને સીથીળ થાય છે; પણ મમતા અને વાસનાનાં બંધનો તો દીન પ્રતિદીન નવાં નવાં અને દ્રઢ થતાં જાય છે; અન્ય બંધનો તલવાર વિગેરે શસ્ત્રની ધારથી કપાઇ જાય છે; ને આ બંધન તો ભગવાનના સુદર્શન ચક્રથી કે ઇંદ્રના વજ્રની તીખી ધારથી પણ નથી કપાતાં કેમકે ધારા સ્થુળ છે અને બંધન સુક્ષ્મ દેખાય નહિ એવા ઝીણા છે, તેથી ધારાનો સ્પર્શ પણ નથી થઇ શકતો એવાં જે બંધનો છે તે પણ સત્સંગથી સતપુરૂષોનાં વચન સુણતાં સુણતાં સહજે નાશ થઇ જાય છે; અહો જુવો એ સત્પુરૂષનો મહિમા. (૧૨)

(દોહ) સોક દાવાનલ જલત હૈ, જન મન બન કે માંહી,
સજ્જન ઘનબરખા બીનાં, સો દવ બુઝે નાંહી. ...(૧૩)

જેમ મોટા જંગલમાં લાગેલો દાહ, તે આઠ માસ સુધી તો સળગ્યાજ કરે છે, કેમકે જંગલ જબરૂં છે તેથી પોતાની મેળે પણ શાંત ન થાય, અને કોઇ લોકોના પુકારાદી યત્નથી પણ ઠરીને શાત થવું મુસ્કેલ; પરંતુ એક વર્ષાદ રૂપી ઝડીથી ઝટ ઠરી જાય, તેવી રીતે જીવનું મનરૂપી જે વન છે. તેમાં શોકરૂપી દાવાનળ

અગ્ની અનાદીથી લાગેલ છે, તે સદાય સળગ્યતો જ રહે છે; એવો જે દાહ છે, તે સજ્જન પુરૂષનાં વચનરૂપ મેઘની ઝડિ વિના અન્ય ઉપાયથી શાંત થાય તેમ નથી; સતપુરૂષનાં વચનથીજ અંતઃકરણ શાંત થાય છે. (૧૩)

(દો૦) સંસાર સીંધુ માંહે પર્યો, રહ્યો સુગોતે ખાત;
તાકુ તારક તરની સમ, સત સંગતિ વીખ્યાત. ૧૪

ટિકા—મહા સમુદ્રની વચમાં પડેલો અને ધબીજબીને થાકી ગયેલો માણુસ સમુદ્રમાંથી પોતાની મેળે ન નીકળી શકે; અને તે મધ્ય સમુદ્રમાં હોવાથી તેને કોય બીજું પણ જઈને ન કાઢી શકે; પણ એના ભાગ્યનું તો માત્ર વ્હાણુ જ એક કાઢવાનો ઉપાય છે; બીજો કોય ઉપાય નથી. તેમ સંસાર સમુદ્રમાં અનાદી કાળથી જીવ પડયો છે. તેથી જ્ઞાનાદી બળ ક્ષીણ થઇ ગયું છે. તેથી જન્મ મર્ણ રૂપ ગોથાં ખાયા કરે છે. તેને તારનાર તો માત્ર એક સત્સંગતિ રૂપી વ્હાણુજ છે. તે શાસ્ત્રમાં પ્રસિદ્ધ વાત છે; બીજો ઉપાય નથી. (૧૪)

(દો૦) વિષમ વિકટ સંસાર મગ, વિઘન બહુત દુઃખ ધામ;
તામેં જીવ વટાવકું, સત્સંગ પુર વિશ્રામ. ....(૧૫)

ટિકા—જેમ ઉજાડનો માર્ગ ઉંચા નીચા ટિંબા ટેકરાથી વિષમ છે, ને પશુ પક્ષીઓના શબ્દોથી ભયંકર છે; અને ચોર વાઘ વિગેરે વિઘ્નોથી ત્થા સુર્યના તીખા તડકાથી તેમાં ચાલનાર પંથીને બહુ દુઃખનોહેતુ છે.તેમાં સુખી થવાનુ અને વિશ્રાંતિ પામવાનુ ઠેકાણુ માત્ર નગર(ગામ) વિના અન્ય નથી. નગર એજ વિશ્રામનું ઠામ છે. તેમ જીવ રૂપી મુસાફને પણ આ ભવાટવી રૂપી જંગલ છે; તે સ્વર્ક નર્કાદીક

થી વિષમ છે. અને શત્રુ ખળ લોકો વિગેરેના શબ્દથી ભયંકર છે, તથા મૃત્યુ રોગાદીક વિઘ્ન અને આધિ વ્યાધિ ને ઉપાધિ, એ ત્રીતાપ રૂપી તીખા તડકાથી વ્યાપ્ત છે તેમાં સંત સમાજ છે તે પુર રૂપ વિશ્રાંતિનું ઠેકાણું છે. પુર કહેવાનો ભાવ એ છે કે જેમ અરણ્યનાં ઝાડ છે, તે પણ વટેમાર્ગુને ફળ તથા છાયા વિગેરેથી ઘડી બેઘડીનાં વિશ્રામ સ્થાન છે. પણ તે સદા નીવાસ કરવાના સ્થાન નથી; કેમકે અન્ન જલ ત્યાં નથી મળતું અને સિંહ ચોર વિગેરેનો ભય બહુ રહે છે તેથી તે જંગલનાં ઝાડની નીચે નીવાસ સદાય ન થઇ શકે, અને પુરને વિષે મુસાફર જઇને થાકી ગયેલો હોય તેથી એક રાત્રી રહી થાક ઉતારીને સવારમાં પોતાને પંથે પડે છે. અને જે ચાલી ચાલીને બહુ થાકયો હોય, અથવા રોગથી બહુ કાયર થઇ ગયો હોય તો તે પુરમાં જઇને સદા નીવાસ કરે છે. કેમકે ત્યાં શરીરના યોગક્ષેમની તજવીજ નથી કરવી પડતી, કેમકે ત્યાંના લોકો દુઃખીની રક્ષા કરે એવાં દયાળુ હોય છે. તેમ સંસાર માર્ગમાં પણ ઘર કુટુંબ સ્ત્રી પુત્રાદી વિષય છે તે જંગલના વૃક્ષની પેઠે ક્ષણવાર વિશ્રાંતિ લેવાનાં ઠેકાણા છે, અને બહુ વિઘ્ન દુઃખ વિગેરેથી વ્યાપ્ત છે અને સંતસમાજ છે તે પુરની પેઠે સદાય નિવાસ કરવા લાયક સ્થાન છે તેમાં જે સંસારથી કંટાળી ગયેલો, અને ધન સ્ત્રી પુત્ર વિગેરેથી થાકી ગયેલો એટલે વૈરાગ્ય પામેલો મનુષ્ય તે થાંકયા હાર્યાની પેઠે સત્સંગમાં થોડા દીવસ રહી દુઃખ વિસારી શાંતિ પામીને પોતાના મનને જરા સ્થીર કરીને સંસારમાં જાય છે. અને જે સંસારથી અત્યંત ગ્લાના પામેલો છે તે સત્સંગમાં સદાય નીવાસ કરીને રહે છે. (૧૫.)

હવે એમ કહ્યું તેનો ભાવ બે દોહામાં બતાવ્યો છે.

(દો૦) જલ નીરચ્છક સઘન અથ, છન વિશ્રાંતિકો હેત,
આરણ્ય વૃછ્છત વિષય સબ, નીર ભય સુખ ન. નિકેત.(૧૬)

ટીકા—જેમ જંગલના વૃક્ષના તળે સદા વિશ્રાંતિ નથી થતી, પરંતુ જરા વાર પાણી પીયને ઘડી અદઘડી વિસામો. ખચીત તેમાં પણ દીલમાં ભય રહે, કે વખ્તે, ચોર કે વાઘ આવશે, તો શું થશે તેમ આ જગતરૂપી જંગલમાં સર્વ વિષય સુખો જે છે તે આરણ્ય (જંગલ)ના વૃક્ષની છાંયા જેવા છે. કેમકે તે સર્વ વિષયોમાં નિર્ભય અને સદા સુખ નથી પરંતુ ક્ષણીક અને તે પણ ભય સહિત છે. માટે તેમાં નિશ્ચિંતપણે સ્થીતી કરવા યોગ્ય નથી. (૧૬.)

(દો૦) થાકયો હાર્યો પથિક જીમ, કરી પુર માંહિ સુવાસ,
ત્યું મુમુચ્છુ સત્સંગમૈં, કરહીં, સદા નીવાસ. ....(૧૭)

ટીકા—જંગલમાં ચાલી ચાલીને અત્યંત થાકી ગયેલો અને ચોર સિંહ વિગેરેથી અત્યંત ત્રાસ પામેલો તથા વારંવાર લુંટાય ને હારી ગયેલો એવો વટેમાર્ગુ જેમ કોય ગામ આવે કે તુરત તેમાં પેશી જાય અને ત્યાં પછી નિરાંતે નિશ્ચિંત પણે સ્થીતિ કરે, તેમ મુમુક્ષુ આ જગતરૂપી જંગલથી કંટાળીને સતપુરૂષના સંગમાં અર્થાત સત્સંગરૂપી પુર તેમાં નિવાસ કરે છે. (૧૭.)

॥ ઇતિશ્રી સર્વ સાધનથી શ્રેષ્ટ સત્સંગ—એ નામનું (૩) પ્રકરણ સમાપ્ત. ॥

શ્રી સંત પ્રભાવ પ્રકરણ (૪) થું.

સર્વ ફળથી સત્સંગની શ્રેષ્ટતા.

ત્રીજા પ્રકરણમાં સર્વ સાધનથી વિષેશ સત્સંગને શ્રેષ્ટ સાધનરૂપ કહીને નીરૂપણ કર્યો હવે સ્વર્ગ વિગેરે જેટલાં ફળ છે, તે તે સહુની મધ્યે પણ સત્સંગનેજ સર્વથી શ્રેષ્ટ ફળ રૂપ કહિને નિરૂપણ કરે છે.

(દો૦) સુતસંગતિ સમ જગતમૈં, પુણ્ય કો ફલ નહિ આનિ,
સતસંગતિતૈં મુક્તિ વ્હૈ, અનફૂલતૈં જન હાનિં. ....(૧)

ટીકા—સ્વર્ગ રાજ્ય વિગેરે જેમ પુણ્યના ફળ છે તેમ સત્સંગની પ્રાપ્તી એ પણ કોય અમોઘ પુણ્યનું ફળ છે; માટે સત્સંગ તુલ્ય સ્વર્ગ પણ નથી; સત્સંગ સર્વથી શ્રેષ્ટ છે કેમકે તેનાથી ભવબંધનની નિવૃત્તિ થાય છે, અને સ્વર્ગાદીક ભોગ કરિને તો પુણ્ય ખુટી ગયે પાછુ પડવું પડે છે; તે વિષેં શ્રી ભગવાનનાંજ વાક્ય ગીતાજીમાં છે કે ॥ क्षिणेपुण्ये मृत्युलोके विशंति ॥ માટે સ્વર્ગાદીકથી પણ સત્સંગ છે; તે અધિક શ્રેષ્ટ છે; ૧

(સવાલ) નાના પ્રકારનાં પુણ્ય કર્મનું ફળ સ્વર્ગાદીક; તેની બરાબર તો સત્સંગ ભલે નં હોય પણ ઉપાસના જ્ઞાનાદીક; તેનું ફળ જે મુક્તિ; તેની બરાબર તો હશે કે કેમ; ત્યાં શ્રીમદ્ ભ ગ્વતનો શ્લોક કહિને મુક્તિથી પણ સત્સંગની શ્રેષ્ટતા દેખાડી છે;

॥ श्लोक ॥

तुलयामलवेनापिनस्वर्गनापुनर्भवं ॥
भगवत्संगिसंगस्यमर्त्यानांकिमुताशिषः ॥२॥

(ટિકા) ભગવાન એટલે સમગ્ર જ્ઞાન વૈરાગ્યાદી ષટ (૭) ભગ સંપન ઇશ્વર; તેનો સંગ એટલે નિરંતર મનવડીયેં જેને છે તેને ભગવત સંગી કહિયેં એવા જે ભક્ત, તેના સંગનો લેશ માત્ર લક્ષ બરાબર તેમાં રાખીને સંગ થાય, તો તેની બરાબર સ્વર્ગને મોક્ષ પણ ન થઇ શકે, તો પછી મનુષ્ય લોકના ભોગ વૈભવનું તો શું કહેવું.(૨)

હવે એ અર્થને દોહામાં કહિ દેખાડયો છે.

(દો૦) સતસંગતિકેલેસસમ, સ્વર્ગ અપ વર્ગહુનાંહીં,
મનુષ્ય ભોગ કી કો કહે, અતી અલ્પ જગમાંહીં......(૩)

આનો અર્થ શ્લોકના અર્થમાં કહેવાય ગયો છે; માટે પુનઃ નથી કહ્યો.

(શંકા) જેમ રાજાના નોકરને કોય કહે કે અમારે તો તમેજ રાજા છો એમ મોટાય આપે, પણ તેથી કરીને કાંઇ તેમાં રાજા પણુ અર્થાત્ રાજાના ચિન્હ ન દેખાય, તેમનો સત્સંગમાં જીવોની પ્રવૃત્તિને માટે સ્વર્ગને મોક્ષ વિગેરેથી શ્રેષ્ટતા દેખાડીને ઉપર કહેલો શ્લોક માત્ર સત્સંગની સ્તુતિરૂપ કહ્યો હશે, માટે તે અર્થવાદ છે; યથાર્થ-વાદ નથી; કેમકે સ્વાર્ગાદીક સમાન સુખનોં પણ સત્સંગમાં અનુભવ થતો નથી, તો સ્વર્ગથી અધીક શ્રેષ્ટ તેં કેમ કહેવાય, અને સત્સંગ કરતાં કરતાં આખો જન્મ વિતિ ગયો તોપણ ભવ બંધનની નિવૃત્તિનો અનુભવ થતો નથી; એમ શંકા ઉઠાવીને સત્સંગની અધિક શ્રેષ્ટતા સિદ્ધ કરી બતાવે છે.

(દો૦) સત્સંગતિ તેં મુક્તિ હે, સ્વર્ગ ભોગ તેં પાંત,
સોસમ કેસેં હોયગો, સતસંગતિ કે તાત............(૪)

(ટિકા) આ શ્લોક ઉત્તમ ભક્તનો સંગ, અને સામો પણ ઉત્તમ અધિકારી હોય તેને માટે માન્ય છે, યથાર્થ છે, માટે ઉત્તમ ભક્તનો સંગ કરીને અર્થાત્ ભગવત તત્વનાં પ્રકાશિત વચન સુણીને ભવ બંધનની નિર્વૃત્તિરૂપ મોક્ષ, અને જે સુખની અંતર્ગત સ્વર્ગ સુખનો અખંડ અનુભવ થયા કરે, એવો જે પર્માનંદ સમુદ્ર, તે ઉત્તમ અધિકારીને તો અનુભવ સિદ્ધ છે; અને સ્વર્ગ ભોગથી અધોપાત થાય છે, તે પણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. માટે અધોગતિનું મુળ જે સ્વર્ગ છે; તે મોક્ષનો હેતુ જે સત્સંગ, તેની બરાબર કેમ થઈ શકે, હવે ઉપરની શંકાનું સમાધાન એકે જે કનિષ્ટ ભક્તના સંગથી મંદ અધિકારીને પર્માનંદ અનુભવ તથા બંધનની નિવૃત્તિનો અનુભવ ન થયો માટે એ શ્લોકને અર્થવાદ ન કહેવો પણ તે યથાર્થવાદ છે. અર્થાત્ બરાબર શ્લોક માંહેલું ખરૂં છે, જેમ નપુંસક પુરૂષ અને વંધ્યાસ્ત્રી, એ બેઉનો સંગ નિષ્ફળ દેખીને સર્વ સ્ત્રી પુરૂષોનો સંગ નિષ્ફળ ન જાણવો, તેમ કનિષ્ટ ભક્તને મંદ અધિકારીનો સંગ નિષ્ફળ દેખીને સર્વ સત્સંગને માટે એમ ન જાણવું. (૪)

(સવાલ) ઠીક , ત્યારે સત્સંગથી મુક્તિ પ્રાપ્ત થાય છે માટે સત્સંગ મુક્તિની બરાબર તો થયો કે નહિં, ત્યાં કહે છે કે ના, નહિંજ, કેમકે એક રૂપીયાની સાકર લાવ્યા તે એક રૂપીયાનો માલ છે. એમ કહેવાય તેથી શું તે કાંઇ રૂપીયા બરાબર એટલે રૂપીયા જેટલીજ વજનમાં છે એમ ? દ્રષ્ટાંત આપીને હવે કહે છે.

(દો૦) સજ્જન સંગ છીંન એક કે, સમાન મુક્તિવિ, નાંહિં,
મુક્તિ અનેકહે સંતકી સંગતિ કે છીનમાંહીં........(૫)

(ટીકા) સત્સંગની એક ક્ષણ બરાબર; મુક્તિ પણ નથી; કેમકે

સત્સંગ છે તે કારણ (બીજ) છે, અને ભવ બંધનની નિવૃત્તિરૂપ મુક્તિ છે તે તેનું કાર્ય છે, માટે કારણમાં અનેક કાર્ય કરવાની શક્તિ રહેલી છે, તે કારણ કાર્ય તુલ્ય કેમ કહેવાય, જેમ અનેક ફળનું કારણ વૃક્ષ છે, તે એક ફળની બરાબર કેમ કહેવાય, નજ કહેવાય, માટે મુક્તિથી પણ સત્સંગનો ક્ષણ છે તે અધિક શ્રેષ્ટ છે.

(સવાલ) ત્યારે રૂપીયાની સાકરનું દ્રષ્ટાંત દીધું તે આંહિ ઉચિત નથી કેમકે તે દષ્ટાંતમાં ક્રિયા વિક્રિયા ભાવ છે, ને આ દ્રષ્ટાંતમાં તો કાર્ય કારણ ભાવ છે, માટે બેઉ દ્રષ્ટાંત સરખાં નથી.(૫)

ત્યાં જે ઉપર કહ્યું તે દ્રષ્ટાંત દઈને સમાધાન પ્રગટ કરી બતાવે છે.

(દો૦) સત્સંગતિ છીન એકમેં, અનિક મુક્તિ હો જાય,
દચ્છ પુત્ર ભયે મુક્ત જીભ, નારદ કો સંગ પાય.......(૬)

(ટિકા) જુવો કે દક્ષપ્રજાપતિના દશહજાર પુત્ર હતા, તે નારદજીના ક્ષણ એક સંગથી એક સાથે દશહજાર મુક્તિ પામ્યા જુવો ત્યાં બંધનની નિવૃત્તિ કરનાર એકજ છે અને બંધનમાંથી મુક્ત થનાર દશહજાર જુદા જુદા જણ છે; માટે એક એકનાં બંધનની નિવૃત્તિરૂપ મુક્તિ જુદી જુદી દશહજાર; નારદના એક ક્ષણ સંગથી ઉત્પન્ન થઇ, માટે હવે તેમાંથી એક મુક્તિને લઇને સત્સંગના એક ક્ષણની સાથે સરખાવિયે તો તે કેમ બરાબર થશે, બલ્કે નહિંજ એટલે મુક્તિથી પણ અધિક સત્સંગ છે, માટે મુક્તિની પણ દરકાર ન રાખતાં સદાય સત્સંગ કરવો. (૬)

હવે સત્સંગનો પ્રતિ પક્ષી કુસંગ સર્વ અનર્થનું મુળ છે, એમ સત્સંગનિ પુષ્ટિને માટે સંક્ષેપમાં કહી દેખાડે છે.

(દો૦) કુસંગ કે છિંન એકતેં, હોત સિદ્ધ કો નાશ,
મચ્છ ક્રિડા કું દેખિ કે, સોભરિ વરિ પચાસ........(૭)

(ટિકા) જેમ સત્સંગના અલ્પકાળથી વાલ્મીક નારદ વિગેરે અદ્ધમ હતા તે સિદ્ધ થયા તેમ અલ્પકાળના કુસંગથી સિદ્ધ જે આરૂઢ યોગી છે, તે પણ ભ્રષ્ટ થૈ જાય છે તો બીજાં ક્ષુદ્ર ભ્રષ્ટ થાય તેમાં નવાયશી, આ અર્થને દ્રષ્ટાંત આપીને દ્રઢ કર્યો છે, મચ્છેથી; જેમ શ્રી યમુનાંજીમાં મચ્છ મચ્છીના સંગમને જોઇને ઇચ્છા ઉત્પન્ન થવાથી સોભરિ રૂષી માંધાતાની પચાસ પુત્રીયોની સાથે પરણ્યા, એમ પરાશર, શ્રૃગી રૂષી, જાણી લેવા. (૭)

હજી કુસંગથી બચવા માટે કહે છે.

॥ श्लोक ॥

निःसंगता मुक्तिपदं यतीनां, संगादशेषाःप्रभवंतिदोषाः ।
आरूढयोगोपिनिपात्यतेधःसंगेन योगीकि मुताल्प सिद्धिरितिः ॥

(અર્થ) યતિ એટલે જે જીતેંદ્રિય છે. તેને નિઃસંગતા એટલે એકાંત જે સંગનો ત્યાગ છે, તે મુક્તિનો હેતુ છે. માટે મુક્તિપદ અને જીતેંદ્રિપણાના અભિમાને, અથવા ગફલતથી થોડીવાર પણ કુસંગ કરેતો સંપુર્ણ કામાદી દોષ અવશ્ય ઉત્પન થાય. કેમકે પ્રબળ કાંતાદી વિષયનો સંગ છે તે સિદ્ધ યોગીને પણ નિચો પાડીનાખે છે. તો પછી અલ્પ સિદ્ધિવાળાને ભ્રષ્ટ કરે તેનું તો શું કહેવું. યદ્યપી યોગ વૈરાગ્યાદી બળથી કામાદીનો જય કર્યો છે. તથાપી કામાદીના સંસ્કાર શેષ રહ્યા છે. તે પ્રબળ કાંતાદી વિષયના સંગથી ફરી તુરત ઉત્પન્ન થાય છે. જેમ અગ્નિને ઠારીનાખ્યો પણ અગ્નિનો સંસ્કાર

ઉષ્ણતા રહિ છે. તે દારૂના સંગથી ફરી જ્વાળા ઉત્પન્ન કરે છે. માટે સર્વથા કુસંગનો ત્યાગ કરવો. હવે કુસંગને સર્વ અનર્થનું મુળ કરીને કહે છે.

(દો૦) કુકર્મ કુલછન કુયસહુ, કુમતિ કુગતિ દુઃખ હોય;
ભુલ કુસંગન કીજીયે, ભલો ચહે જો કોય.........(૮)

(ટિકા) પ્રથમ કુસંગથી કુમતી એટલે પાપ કરવાની બુદ્ધિ થાય છે. પછી કામ ક્રોધ ચોરી વિગેરે ખરાબ લક્ષણ પેદા થાય છે. તે ખરાબ લક્ષણથી પરસ્ત્રી, પર દ્રવ્ય વિગેરેનું હરણ કરે છે. તેના ધણીને હણે છે, બાળહત્યાદિક નિશિદ્ધ કર્મ કુસંગથીજ કરે છે. તે કુસંગનાં કર્મથી આ લોકમાં કુયશ એટલે અપકિર્તિ, રાજ્ય તરફથી દંડ, શિક્ષા વિગેરેની પ્રાપ્તી થાય છે. અને પરલોકમાં નર્કાદીક દુર્ગતિની પ્રાપ્તી થાય છે. તેનાથી જેટલી કુબુદ્ધિ, જેટલાં કુલક્ષણ, જેટલાં કુકર્મ, જેટલો કુયશ અને જેટલી દુર્ગતી, તે સર્વનું કારણ એટલે બીજ કુસંગ છે. માટે જો કોય પોતાનું ભલું ચાહતા હોતો ભુલેચુકે પણ કદી કુસંગ ન કરવો, સદા સત્સંગજ કરવો.

॥ ઇતિશ્રી સર્વ ફળથી અધિક શ્રેષ્ટ સત્સંગનિરૂપણ
એ નામનું (૪)થું પ્રકરણ સમાપ્ત.

શ્રી સંતપ્રભાવ પ્રકરણ (૫) મું.

ભગ્વત સંગથી પણ ભગ્વત ભક્તના સંગની શ્રેષ્ટતા.

હવે ભગ્વત સંગથી પણ ભગ્વંત ભક્તનો સંગ અધિક શ્રેષ્ટ છે એમ નિરૂપણ કરે છે.

(દો૦) હરિજનકી સંગતીવિનાં, હરિસંગતૈં સિધિનાંહિ;
સંગ સદા હરિકો બન્યો, ફીરત ચૈરાસીમાંહિ......(૧)

(ટીકા) નારાયણનાં બેઉ સ્વરૂપ છે, તેમાં સતપુરૂષ છે, તે વિશેષરૂપ છે, અને સર્વમાં વ્યાપક જે અંતર્યામી તે નારાયણનું સામાન્ય સ્વરૂપ છે. માટે વિશેષરૂપ જે હરિભક્ત તેના સબંધ અને ઉપદેશવિનાં સામાન્ય ઇશ્વરના સબંધથી જીવને ભક્તિ જ્ઞાનાદી સાધન ને ફળ જે મોક્ષ તેની સિદ્ધિ નથી થતિ, કેમકે કારણ વિશેષથી પણ કાર્ય વિશેષની સિદ્ધિ જગતમાં દેખત છે. અને સામાન્યથી નથી, એ કહી દેખાડે છે. નારાયણના સામાન્ય સ્વરૂપની પ્રાપ્તિતો સર્વ જીવમાત્રને બની છે. તોપણ નર્ક વિગેરે દુર્ગતિને જીવ પામે છે. માટે જો સામાન્ય ઇશ્વરની પ્રાપ્તીથીજ મોક્ષ હોય તો સર્વ જીવો ગુરૂ ઉપદેશાદીવિનાંજ મુક્ત થઇ જાય, પણ એવું તો નથી દેખ્યું, માટે સત્સંગ છે તેજ જ્ઞાનાદીનું કારણ છે. (૧)

(શંકા) ॥ मामेवये प्रपद्यंते मायामेतांतरंतिते ॥

(તેનો અર્થ) જે મને પામ્યા છે તે સર્વ બંધનની હેતુ જે મારી માયા, તેને તર્યા છે. એમ શ્રીભગવાને તેની પ્રાપ્તી તેજ મોક્ષનો હેતુ કહ્યો છે. ને તમે તેનો નિશેધ કેમ કરોછો. ત્યાં ઉતર આપે છે.

(દો૦) હરી સુજનનકે સંગતેં, ભયો હરીકો સંગ;
તાકરીકે સિધિ હોત સબ, વ્હૈ સમુલ ભવભંગ......(૨)

(ટીકા) નારાયણની પ્રાપ્તીથી સંસાર બંધનનીવૃતિ કહિ, તે સાચી કહિ પરંતુ તે નારાયણની પ્રાપ્તી કોને લીધે થાય, કે હરિજનના સંગથકી, હરીજનના ઉપદેશથી અંતઃકરણમાં અદ્રશ્ય એવા જે પરમાત્માં તે સંત પુરૂષના સમાગમથી સર્વ શુભ જ્ઞાનાદી સાધન નીસિદ્ધી થાય છે. અને જ્ઞાનવાળી દ્રષ્ટિમાં સર્વ વ્યાપક એટલે

સર્વમાં વ્યાપીને રહેલો જે પરમાત્મા; તે જ્ઞાનદૃષ્ટિથી જણાય, તેણે કરીને મુળ અવિદ્યા સહિત જે સંસારબંધ તેની નિર્વૃતિ શક્ય છે. માટે અજ્ઞાનપણે સામાન્ય ઇશ્વરની પ્રાપ્તીથી મોક્ષની સિદ્ધિનો અભાવ કહ્યો છે. તે ભગવત વાકયથી વિરૂદ્ધ નથી. (૨)

હવે આમ કહ્યું તે અર્થને દ્રષ્ટાંત આપીને દ્રઢ કરે છે.

(દોહ૦) સામાન્ય અગ્નીકે સંગતેં, જલત ન સુકો સાલ;
જ્વલત કાષ્ટકે સગતે, જલિબલિહોત હૈ લાલ......(૩)

(ટીકા) જેમ કાષ્ટમાં સામાન્ય અગ્નિ છે, તે કાષ્ટની વિરોધી નથી, કેમકે અગ્નિને ને કાષ્ટને વ્યાપ્ય વ્યાપકરૂપે સામાન્ય સબંધ છે. પરંતુ દાહ્ય દાહકરૂપ વિશેષ સબંધ નથી, અને સળગતા કાષ્ટમાં વિશેષરૂપ જે અગ્નિ છે, તેના સંગથી કાષ્ટ સળગીને લાલ અગ્નિ રૂપ થાય છે, તેમ સર્વત્ર માયા અને માયાના કાર્યમાં રહેલ જે સામાન્ય ઇશ્વર, તે અવિદ્યાનો વિરોધી નથી; પરંતુ જે શુદ્ધ સત્વ યુક્ત સાધુના ઉપદેશથી થયેલી જે શુદ્ધ સત્વમય જ્ઞાનાદીવાળી વૃત્તિ; તેને વિશે અદ્રશ્ય સામાન્ય ઇશ્વરનું જે વિશેષરૂપ છે, તે માયા અને માયાનાં કાર્ય જે બંધનો છે;–તેનો વિરોધિ છે. માટે સત્સંગ છે; તેજ જ્ઞાનાદી સિદ્ધિનું કારણ છે. (૩)

(સવાલ)—જેમ વિશેષ અગ્નિના સંગ વિના પણ મથન કરવાથી સામાન્ય અગ્નિથી પણ કાષ્ટ સળગી જાય છે, તેમ વિચાર કર્યાથી સામાન્ય ઇશ્વરથી બંધ નિવૃત થશે; માટે સત્સંગનું શું કામ છે; ત્યાં કહે છે.

(દોહ૦) મથન હી કરી પ્રાપ્ત ભયો; વિશેષ. કાષ્ટકું સંગ;
વિશેષ અગ્નિ સો હોય કે, કરત કાષ્ટકો ભંગ ....(૪)

(ટીકા)—દ્રષ્ટાંતમાં સામાન્ય અગ્નિ છે તેમથવાથી કાષ્ટમાં વિશેષ વિશેષ અંશને મળીને વિશેષ અગ્નિ રૂપ થઇને પછી કાષ્ટનો

નાશ કરે છે; પણ વિશેષરૂપે થયા વિના કાષ્ટનો નાશ કરી શકે નહિં, માટે ઉપર જે કહ્યું તે નિયમનો ભંગ નથી થતો, માટે એ દ્રષ્ટાંતથી સમજવાનું કે સત્સંગ વિના ઈશ્વરનો વિચાર પણ ઉપજે નહિ; તો પછી સામાન્ય ઈશ્વરથી બંધની નિવૃત્તિ તો કેમજ થાય, અને જો વિચાર ઉપજ્યો તો વિચારાત્મક સાત્વીક વૃત્તિમાં સામાન્યથી વિશેષ રૂપે કરીને પછી બંધની નિવૃત્તિ થઈ; માટે વિશેષ રૂપથીજ મોક્ષની સિદ્ધિ છે; સામાન્યથી નથી, એવો જે નિયમ છે. તેનો ભંગ નથી. (૪)

(દોહ) પાવક પ્રકાશ ન હોમકછું, સામાન્ય અગ્નિ તેં હોય;
ત્યું વિશેષ સતસંગ બીન, ભ્રમ તમ મીટેંન કોય. ......(૫)

(ટીકા)--જેમ કાષ્ટ ઉપર રસોઇની સામગ્રી મુકી રાખવાથી કાષ્ટમાં રહેલા સામાન્ય અગ્નિથી રસોય પાકે નહિ; તથા સામાન્ય અગ્ની સર્વત્રમાં રહ્યો છે; પણ તેથી પ્રકાશનો દેખાવ ને અંધારાંનો નાશ થાતો નથી; અને હોમાદિ કર્મ પણ સામાન્ય અગ્નીથી થાતાં નથી; તેવી રીતે નારાયણનું જે વિશેષ સ્વરૂપ સત પુરૂષ છે; તેના સંગ વિના સંસાર ભ્રમ, અને સંસાર ભ્રમનું કારણ જે અજ્ઞાન રૂપી માયાનું અંધારૂં, તે મટતું નથી. (૫)

સામાન્ય કારણથી સામાન્ય કાર્યની સિદ્ધિ થાય, પરંતુ સામાન્યથી વિશેષ કાર્યની સિદ્ધિ થાય નહિ. એમ જે અર્થ કહ્યો તેને હવે ફરિ દ્રષ્ટાંત આપીને કહે છે.

(દોહ) મેઘ ઇશ અનુકુલ તેં, વ્હે સમાન ત્રીણ નાજ;
બાગ જ્ઞાન સિધિ હોત નહિં, બીન વાપી સંત સમાજ.(૬)

(ટીકા)—જેમ સાધારણને માટે વરસાદની અનુકુળતાથી તૃણ વિગેરે સમાન કાર્ય થાય છે; પરંતુ અસાધારણને માટે વાવ કુવા

દીવિનાં વિશેષ કાર્ય જે બાગ બગીચા, તેની સિદ્ધિ થતી નથી, તેમ સાધારણ ઇશ્વિરની અનુકુળતાથી પણ ગુરૂ વિગેરે અસાધારણ કારણ વિના સામાન્ય કાર્યની સિદ્ધિ કદાચ થાય પણ વિશેષ જ્ઞાનાદીકની સિદ્ધિ થાય નહિં. (૬)

(સવાલ)—॥ मत्तः स्मृतिर्ज्ञानम पोहनंच ॥

અર્થ—હું જે ઇશ્વર, તે મારાથીજ જીવોને સ્મૃતિ જ્ઞાન, અને જ્ઞાન; સ્મૃતિનો નાશ થાય છે; એમ ભગવાન શ્રીયે ગીતાથીજ જ્ઞાનાદી કાર્યની સિદ્ધિ કહી છે; ને તમે તેનો નિશેધ કેમ કરો છો, ત્યાં કહે છે.

(દો૦) સક્ કૃપા તેં હોત હૈ, જ્ઞાન સુઠહરૈ નાંહિ;

ભલો રોપઠહરૈ નહિં, ભયો વર્ષા રૂતુ માંહિં.........(૭)

(ટીકા)—જેમ ચોમાસામાં વર્ષાદના જળથી આંબા વિગેરે સારા રોપા જ્યાં ત્યાં થાય છે તો પણ વાવ કુવા આદીનું જળ સીંચન કર્યા વિનાં પછી બીજી રૂતુમાં તે રોપા લીલા રહે નહી; પણ સુકાઈ જાય છે; તેવી રીતે એક ઇશ્વરની કૃપાથી થયેલું જ્ઞાન છે; તે પણ સત્પુરૂષોનાં વચન રૂપ પોષણ મળ્યા વિનાં સદાય હ્રદયમાં ઠેરીને ન રહી શકે; જેમ નારયણનો કૃષ્ણચંદ્ર સ્વરૂપે અવતાર પ્રગટ થયો ત્યારે તે વખતે દેવકી વસુ દેવને, અને નંદાદી ગોપોને ગુરૂ વિગેરે અસાધારણ કારણવિનાં કેવળ નારાયણની કૃપાથીજ નારાયણનું જ્ઞાન થયું, પણ તે જ્ઞાન જાઝીવાર ઠેર્યું નહિ; કેમકે ફરિ નાર દાદી ગુરૂ કરવા પડયા; માટે સત્સંગાદીક છે તે જ્ઞાનાદીકનું અસાધારણ કારણ છે. (૭)

(દો૦) બારામાસ જુચાહીયે, જૈસેં બાગ કે કાજ;

ત્યું જ્ઞાનાદીક ચહત હૈ. સદા સુસંત સમાજ ....(૮)

(ટીકા) જેમ બગીચાને બારે માસ પાણી જોયે, તે સારૂં કુવો વાયએવું કાંઇ પણ બારે માસ પાણી પહોંચવાનું સાધન અવશ્ય કરવું જોયે, તેમ જ્ઞાનાદીકપણ પોતાની ઉત્પતિ, સ્થીતિ, વૃદ્ધિ, અને પુષ્ટિને માટે નિત્ય ઉપદેશને ચાહે છે. માટે સદા સત્સંગ કરવો.(૮)

॥ઇતિ શ્રી હરી અને હરીજન સંયુક્તિ નામનું
(૫) મું-પ્રકરણ સમાપ્ત ॥

શ્રી સંત પ્રભાવ. પ્રકરણ (૬) ઠું.

સાચા સંતની દુર્લભતા.

હવે આ છઠ્ઠા પ્રકરણમાં એવા સાચા સંતની દુર્લભતા નીરૂપણ કરી છે.

(દો૦) હરિ દુર્લભ નહિ જગત મૈં, હરિજન દુર્લભ જોય;
હરિ હેર્યો સગરે મીલે; હરિજન કહિંક કોય..........(૧)

(ટીકા)—જગતમાં સર્વમાં પરિપુર્ણ વ્યાપી રહેલો જે પરિબ્રહ્મ; તે દુર્લભનથી પરંતુ એવા સંપુર્ણ પરિબ્રહ્મને બતાવવા વાળોને અ-અજ્ઞાન સંશય વિગેરે અવિદ્યાનો નાશ કરનારો, એવોજે હરિજન, તે દુર્લભ છે; કેમકે શ્રીહરિ વ્યાપક રૂપે સર્વત્રમાં રહ્યા છે; તેથી સદ્દગુરૂ અને શાસ્ત્રદ્વારા તે તો બધેય મળે છે; પણ હરિજન છે; તે તો તપાસં કર્તા ક્યાંકજ મળે; ઠેર ઠેર ન મળે, ને તેમાં પણ જે ક્યાંય એવા હરિજનો છે; તેની અંદર પણ કોઇકજ સાચો વિર્લો છે; બધાય એવા નહી; જેમ બીજાં પશુને મારવાવાળા, શેઢાય, વળું સુવર, વિગેરે પશુ જંગલમાં ઘણા હોય, પણ મસ્ત હાથીને મારનાર સિંહતો ક્યાંકજ હોય, સિંહનાં ટોળાં ન હોય. (૧)

હવે આ દોહાનો અર્થનું આગળના દોહામાં વર્ણન કરે છે:

(દો૦) નિત્ય નિકટ પ્રાપ્ત સદા, સ્વપ્રકાશ સબ ઠામ;
સુલભજુ સોદુર્લભ ભયો; બીનબોધક સો રામ........(૨)

(ટીકા)—નારાયણ સર્વ જીવોનો આત્મા છે; માટે સદા પ્રાપ્ત છે. અને આંબા વિગેરે વૃક્ષનાં ફળો જેમ વસંતાદી રૂતુની અપેક્ષા રાખે છે અર્થાત રૂતુવિણ પ્રાપ્ત થતાં નથી તેમ નારાયણની પ્રાપ્તીને માટે કોય રૂતુ કાળની જરૂર નથી, કેમકે તે નિત્ય છે, અને સ્વાર્ગાદીકની પ્રાપ્તી જેમ ધુમ્રાદી માર્ગ ગમનની ઇચ્છા રાખે છે તેમ નારાયણની પ્રાપ્તી ગમનની ઇચ્છા નથી કરતી; કેમકે સ્વસ્વરૂપે બુદ્ધિથી કરીને નારાયણ છે તે નજીક છે; અને વ્યાપક પરિપુર્ણ છે.

(શંકા)—યદ્યપિ નિત્ય નિકટ નારાયણ પરિપુર્ણ જે છે; તે સર્વ જીવોને સદા પ્રાપ્ત છે; તથાપી દેખાતો નથી માટે નારાયણના પ્રકાસને અર્થે આપથી વધારે પ્રકાશની ઇચ્છા હશે કે શું ત્યાં કહે છે કે તે પોતેજ પ્રકાશ રૂપ સ્વયંપ્રકાશ છે, તેથી કયાંય કોઇ વિશેષ પ્રકાશીત છેજ નહિં બધું તેનાથીજ પ્રકાશે છે; માટે તેના પ્રકાશને અર્થે બીજા પ્રકાશની જરૂર નથી; જેમ સુર્યને જોવામાં દીવો જોયે નહિં તેમ એવો અતિસુલભ જે નારાયણ છે પણ એવી સુલભતા જણાવનાર સાધુ પુરૂષ વિનાં અતિદુર્લભ છે. જેમ કંઠમણી કંઠને વિષેજ હોય દુર ન હોય, છતાં એવા મણીને દેખાડનાર વિનાં દુર્લભ માનીને ગોતવા માટે અનેક યત્ન કરે છે ને હાય હાય મણી ખોવાય ગયો એમ કરીને છાતી માથું કુટે છે; અર્થાત કાખમાં છોકરૂં ને ગામ બધુ ગોતે તોય મળતું નથી; તેમ ગુરૂ વિનાં નારાયણની પ્રાપ્તી માટે કસ્તુરિયા મૃગની પઠે અનેક ઉપાય કરો તોપણ પ્રાપ્તી થતી નથી. (૨)

(દો૦) સર્વ દેસ સબ કાલ મૈ, સબ બસ્તુન કે માહિં;
સબ પહિલેજો ભાસહિ, કોયકું દુર્લભ નાહિં.........(૩)

(ટીકા)—નારાયણ સર્વની અંદર તથા બહાર રહેલ છે; માટે તે સર્વ દેશમાં છે, અને નિત્ય છે માટે ક્ષણ મુહુર્તાદી સર્વકાળમાં સદા અખંડ રહ્યો છે, ને પરિપુર્ણ છે તેથી દેહાદીક જે અંતર વસ્તુ અને ઘટાદીક જે સર્વ બાહ્ય વસ્તુ તેમાં રહ્યો છે, અને સ્વ-પ્રકાશરૂપ છે તેથી બુદ્ધી આદિ સર્વ વસ્તુની પહેલાં ભાસે છે; અને બુદ્ધિ આદી વિષય પર્યંત સર્વ પ્રપંચ જે છે તે સહુ મુળ ભાસતાની પછી તેના પ્રકાશથીજ ભાસે છે સ્વત: નથી ભાસતો, જેના પ્રકાશથી બધુ પ્રકાશે છે એવો પરિપુર્ણ જે નારાયણ છે તે કોને દુર્લભ; કોઇને નહિં; તથાપી અજ્ઞાને કરીને સહુમાં ભાસતો સતો નથી ભાસતો એમ લાગે છે, માટે અજ્ઞાનને દુર કરીને નારાયણને યથાર્થ બનાવનારા સંત છે તે દુર્લભ છે. (૩)

હવે આ અર્થને અન્વય વ્યતિરેક કરીને દેખાડે છે.

(દો૦) હરિજનદુર્લભતા કરિ, હરિ દુર્લભ જગ નાહિં;
હરિજન મીલતેં હોત હૈ, હરિ સુલભ સબ ઠાહિં....(૪)

(ટીકા)—ખરેખરી દુર્લભતા તો હરિજનની છે, બાકી શ્રી હરિ તો સર્વમાં છે, તે કોયને દુર્લભ નથી, પરંતુ હરિજન મળે અને અજ્ઞાનને ટાળે એટલે પછી શ્રી હરિ સર્વ સ્થળે છે એમ બરાબર અનુભવ થાય. (૪)

(દો૦) હરિજન દુર્લભતા કહિ, ગોવીંદ ગીતા માહિં;
કોટિન મેં કોઇ તત્વવિત, જીતતિત પાવૈ નાંહિ........(૫)

(ટીકા)—હરિજનની દુર્લભતા અમે પોતેજ, માત્ર નથી કહી, પરંતુ ખુદ નારાયણેંજ શ્રીમુખથી શ્લોક ગીતાજીમાં કહ્યો છે કે.

मनुष्याणां सहस्रेषु कश्चिद्यततिसिद्धय ।
यततामपिसिद्धानां काश्चिन्मांवेतितत्वत ॥

ગી. અ. ૭ શ્લો. ૩.

(હવે તેનો અર્થ) ગધ્ધા કુત્તાની પેઠે ધર્મ જ્ઞાન રહિત કેવળ શિષ્નોદર પરાયણ જે છે તે મનુષ્ય નથી; ત્યારે મનુષ્ય કોણ; ત્યાં કહ્યું છે કે જે ધન કમાવામા ધર્મનો નાશ ન થાય એવું ધન કમાયને કામ ભોગ ભોગવે, અને તે વિષય પદાર્થથી એવી રીતે પરલોકનું સાધન જે ધર્મ તેનો નાશ ન થાય, એવા ત્રણ પદાર્થના સાધક જે પુરૂષ છે; તેને મનુષ્ય કહિએં, એવા જે અનેક મનુષ્ય છે, તેમાં ચોથો પદાર્થ જે મોક્ષ, તેનો યત્ન કરનારો મુમુક્ષુ કોઇકજ વિર્લોપુરૂષ છે; એવા મોક્ષના યત્ન માટે શ્રવણ મનન વિગેરે સદ્ગુણ સંપાદન કરનાર જે અનેક પુરૂષ છે, તેની માંહે પર્માર્થરૂપ જેવું મહારૂં સ્વરૂપ છે તેવું અસંભાવના વિપરિત ભાવના રહિત યથાર્થ મારા સ્વરૂપને જાણનાર તત્વવિત કોઇક જવલેંજ વિર્લો હોય છે. (૫)

હવે એ શ્લોકનો ભવાર્થ કહે છે, કે કરોડોમાં કોઇકજ એવો સતપુરૂષ નીવડે છે, માટે જગતમાં સ્વર્ગ રાજ્યાદીક સર્વ પદાર્થ સુગમ છે, પરંતુ દુર્લભ તો એક સત્સંગજ છે, એમ આ દોહામાં હવે કહે છે.

(દો૦) દેશકાલ જન્મ કર્મ કરિ, સબ સુલ્લભ જગમાંહીં,
દુર્લભ મહાનું ભાવકી સંગતિ જીત તિતનાંહીં..........(૬)

(ટીકા) અનાદીકાળથી જગતમાં ભમતો આ જીવ જે છે તે સર્વ પદાર્થને દેશે કરીને કોઇને કાળે કરીને, કોઇને જન્મે કરીને કોઈને કર્મે કરીને પામે છે, ને પામી ચુકયો પણ ઘણીવાર હશે, ને હજી ઘણીવાર પામશે, જેમકે કલ્પ વૃક્ષ, અમૃત વિગેરેની પ્રાપ્તી દેશમાં દુર્લભ છે, તે પણ સ્વાર્ગાદીક દેશે કરીને સુલ્લભ થાય છે, આમ્રાદી ફળની પ્રાપ્તી તે શરદાદી રૂતુઓમાં દુર્લભ, પણ વસંતાદી કાળે કરીને સુલ્લભ થાય છે; વળી આકાશ માર્ગે અદ્ધર ફરવું તે મનુષ્ય જન્મે દુર્લભ, પણ પક્ષીના જન્મે કરીને સુલ્લભ થાય છે. (અને હવે તો મનુષ્ય જન્મમાં પણ બલુનમાં બેસીને ઘણાં લોકો આકાશમાં અદ્ધર ફરે છે, માટે તે પણ દુર્લભ નથી.) અપસરાઓ વિગેરે ભોગ સ્વર્ગાદીકના જે છે તે આ લોકમાં દુર્લભ પણ યજ્ઞાદીક કર્મે કરિને તે પણ સુલ્લભ થાય છે, (અને હવે તો સ્વર્ગની નકલ પણ આહિંજ ઈંગ્રેજ સરકારે ખડી કરી દીધી છે, માટે તે પણ દુર્લભ નથી.) એવી રીતે જીવને કોય વસ્તુ દુર્લભનથી પરંતુ દુર્લભ તો એક મહાનુભાવની સંગત જ છે, તે જ્યાં ત્યાં નથી મળતિ. (૬)

(સવાલ) અનાદીકાળથી જીવ જંગતમાં ફર્યાં કરે છે માટે કયાંય સત્સંગ પણ પામ્યો હશે, માટે સત્સંગ પણ દુર્લભ નથી, ત્યાં જવાબ આપે છે.

(દો૦) સ્વર્ગાદી લોકરૂ ભોગસબ, કેઇવર ભુકતે જોય;
જન્મ દેખી અનુમાનીયે, સતસંગ મીલ્યો ન કોય.. ...(૭)

(ટીકા) સ્વર્ગ વિગેરે સર્વલોક, અને સર્વલોકના ભોગ તથા વૈભવો સર્વ જીવોએ જગતની મુસાફરિમાં ઘણીવાર ભોગવ્યા છે,

કેમકે તેથી તેની વારંવાર વાસના ઉઠે છે. માટે કાંઇ અપુર્વ (દુર્લભ) નથી. પણ અપુર્વ તો માત્ર એક સત્સંગજ છે. તે કેમ જાણીયે, ત્યાં કહેછે કે આ જન્મ દેખીનેજ અનુમાન કરીયે છીએ કે જો ગયા જન્મોમાં સતપુરૂષોનો સમાગમ થયો હોય તો અત્યારે આ જન્મજ ન હોય, પરંતુ જન્મ થયો જાણીયે કે પુર્વે સત્સંગ નથી થયો. માટે એક સત્સંગજ દુર્લભ છે. (૭)

હવે સતપુરૂષની સ્તુતિપુર્વક આ પ્રકરણને સમાપ્ત કરે છે.

(દોહ) મહાંનુભાવે હું જો મીલે, વારૂં તન મન પ્રાન;
મેરે સિરકો મુકુટમની, ઊંનકી કો પદ ત્રાન........(૮)

(ટીકા) મહાનુભાવ એટલે મહા નામ જેમોટા એવો જે પુર્ણ પુરૂષોત્તમ પર્માત્મા તેનો અનુભવ કરનાર મહાનુભાવ જેનો અનુભવ મોટો છે. મહીમા જેનો અપાર છે, એવો જે સાધુ પુરૂષ અર્થાત મહા અનુભવી પુરૂષ, તેનાપર તન મન પ્રાણ કુર્બાન કરીએ, કેમકે તે સર્વથા પુજવા લાયક છે. અને તેતો પુજવા લાયક છે તે છેજ; પરંતુ તેની પદ ત્રાન નામ મોજડી જે છે તેપણ મારા શીરનું ભુષણ છે. (૮)

॥ ઇતિશ્રી હરિજન દુર્લભતા કથન નામનું (૬)ઠું પ્રકરણં સમાપ્ત. ॥

શ્રી સંતપ્રભાવ પ્રકરણ (૭) મું.

સંતપુરૂષના અંગનું નિરૂપણ.

હવે એવા મહાનુભાવ જે સંત પુરૂષ છે, તેના અંગનું નિરૂપણ કરે છે.

(દોહ) સહજ સજન મુખ ચંદ્રમા, શ્રવત અમૃતસર બૈન;
મૃતક સજીવ તપ દુઃખ હરન, સીતલ સબ સુખદેન...(૧)

(ટીકા) સતંપુરૂષોનું વદન નામ મુખચંદ્ર જે છે તે સ્વભાવથીજ ચંદ્રમાની પેઠે જ્ઞાનરૂપી અમૃત રસથી ભરેલ વચનોથી શ્રવે છે, તેના વચનમાં અમૃતની સરખામણી કરીબતાવે છે. જેમકે મૃતક એટલે મરેલાની પેઠે અનાત્માભાવે કરીને જડ જેવો થઇ ગયેલો જે જીવ તેને અમૃતની પેઠે બ્રહ્મ ભાવના કરાવીને ફરિ જીવાડનાર એવા સતપુરૂષોનાં વચન છે. વળી ચંદ્રમાનું અમૃત જેમ તાપને હરે છે. ને' શિતળતા કરે છે. તેમ સતપુરૂષનાં વચન પણ અજ્ઞાનરૂપી સર્વ દુઃખને ટાળે છે. અને સર્વ જે સંપુર્ણ સુખ તેને પ્રત્યક્ષ કરે છે. માટે સતપુરૂષોનાં વચન અમૃત તુલ્ય છે. (૧)

ફરીને સતપુરૂષોનાં વચનને જ્ઞાનામૃતના ઓટકારરૂપે નિરૂપણ કરે છે.

(દોહો) જ્ઞાનામૃત ઊદગારજો, સંતકો સાસ્ત્રરૂપ;
ગંધ પ્રચ્છન્નતતાહીમૈ, ભાસત રામસ્વરૂપ..........(૨)

(ટીકા) જેટલાં અધ્યાત્મકશાસ્ત્ર છે તે સર્વ સંતની જ્ઞાનામૃત તૃપ્તિના ઓટકાર છે, કેમ જાણીયે, ત્યાં કહે છે કે ગંધેથી; એટલે જેમ કોઇએ લસણ કે ડુંગરીના કાંદા ખાધા હોય તો તે ઓટકારમાં કાંદાની ગંધ પ્રત્યક્ષ જણાય છે. અને જો કપુર ખાધો હોય તો કપુરની બાસ જણાય છે, તેમ સતપુરૂષોયે રામસ્વરૂપનો સારી રીતે અનુભવ કર્યો છે; તેથી તેના વચનમાં અધિકારીને પ્રત્યક્ષ રામ જણાય છે. (૨)

હવે સંતના વચનને સુર્યની કિરણની ઉપમા આપે છે.

(દો૦) સહજ સંભાષન સંતકો, અર્થ નિર્નયકરી દેત;
સંશય તમ જીજ્ઞાસુકો, રવિ કિનવત પ્રસિલેત......(૩)

(ટીકા) જેમ અંધારી રાત્રીને વિશે કેટલાક પદાર્થ પાસે; છતાં અંધારાના આવરણથી નથી દેખાતા; તો દુર તો કયાંથીજ દેખાય; પરંતુ સુર્યનાં કીર્ણો નીકળે કે તુરત દુર વસ્તુ હોય તે અને પાસે પડી હોય તે, બધી વસ્તુઓને અંધારાને દુર કરીને યથાર્થ દેખાડી આપે છે. તેમ સતપુરૂષરૂપી સુર્યનાં વચન રૂપી કીર્ણો છે તે પણ અજ્ઞાન આવૃત આત્માનાં, નાસ્તીન; ભાતી, ને કુટસ્થ વીગેરે છે; તેમાં અનાદીકાળથી એ અસત્યના આવરણમાં વિંટાયેલ જીવ છે. તે આવરણોનો નાશ કરીને આત્માજ સત્ય છે, એવો પ્રગટ પ્રકાશ કરે છે; અને શાસ્ત્ર નાના પ્રકારના વાદવિવાદ કરીને સંન્નીગ્ધ (પાસે) જે ત્વં પદાર્થાદી છે; તેનો સતપુરૂષનાં વચન છે તે મનનાદી યુક્તિથી નિર્ણય કરી દેછે, એવાં નિદિધ્યાસન સાક્ષાતકારનાં પ્રતિપાદક વચનોથી કરીને અજ્ઞાન વીગેરે જે તમ (અંધારૂં) છે તેને સુર્યની કીર્ણોની પેઠે પ્રસિ લ્યે છે (૩)

હવે સતપુરૂષની મેધની સાથે સરખામણી નીરૂપણ કરી છે બે દોહા કહીને.

(દો૦) જલભલ વચન કું–વરષહીં, ઘન સજ્જન પરહેત;
ગલૈ મિલૈ અંકુર ધરૈ, જ્યુકા ત્યું પર ખેત.........(૪)

(ટીકા) સતપુરૂષ જે છે તે જેમ વર્સાદ જગતનાં હિતને માટે પરોપકારાર્થે વરસે છે; તેમ પારકાના કલ્યાણ માટેજ વચન બોલે છે; તેથી જેમ વર્ષાદનું પાણી પડવાથી ધુળનાં ઢેફાં ગળી જાય છે, અને ધુળ ઉડતી હોય તે ભેગી મળી જાય છે; પૃથ્વીમાં જ્યાં જ્યાં બીજ પડયાં હોય તેમાથી કોંટાફુટી નીકળે છે ને કાંકરા જેવાંને તેવાજ રહે છે, તેમ સંતની વાણી રૂપી પાણીથી કઠણ ઢેફાં જેવાં જેનાં મન છે તે પણ ગળીને કુણા થઇ જાય છે; ધુળની પેઠે ઠેકાણે ઠેકાણે ઉડવાવાળું જે મન છે તે પણ એક વૃતિમાં મળીને ઇશ્વરમાં

તલ્લીન થાય છે અને જ્ઞાનભક્તિના સંસ્કાર રૂપી બી; જેના અંતરમાં પડેલાં ગુપ્ત હોય, તેને પ્રકટ કરે છે અને જેના કાંકરા પથરા જેવાં કઠોર દીલ છે; તે જેવાં હોય એવાંજ રહે છે. (૪)

હવે ફરીને આ અર્થને દ્રઢ કરે છે.

(દોo) ગલૈ ઢીમ ભેલી મીલૈ, રજ અંકુર છોર બીજ;
જલસંગ પાય કૈ કંકરા, તજૈ ટેક નહિં નીચ........(૫)

(ટીકા) જેમ પરાયાને માટે વર્ષાદ વર્ષે છે, તે વર્ષાદથી પૃથ્વીમાં બંધાયેલ ઢેફાં ગળી જાય છે અને વિખરેલી ધુળ ભેગી મળી જાય છે, બીજ અંકુર કાઢે છે કંદમુળ જડિબુટ્ટિ વીગેરે ફરી ઉગી નીકળે છે અને કાંકરા જે છે તે જળનો સંગ કરીને પણ ગળતા નથી; તેમ ભેગા પણ મળી જતા નથી અને અંકુર પણ કાઢતા નથી, ને જડીબુટીની પેઠે ફુટતાએ નથી જેવા ને તેવાજ રહે છે, તેવી રીતે જે સજ્જન: ઘન (મેઘ) છે તે પણ પરાયા કલ્યાણને માટે સાચા અને વળી પ્રિય લાગે એવાં વચન વર્ષાવે છે, તે વચનને સાંભળીને કોયનું મન જરા કઠોર હોય તે ગળી જાય છે, અને કોયનું મન બાહ્ય વિષય પદાર્થમાં જુદું જુદું ફરતું હોય તે એક ઇશ્વરમાંજ લાગી જાય; એક વૃત્તિમાં આવી જાય, અર્થાત ભેળું થઇ જાય છે; અને જેનું મન જ્ઞાન, સંસ્કારરૂપી બીજવાળું હોય તે ભક્તિ જ્ઞાનાદી અંકુરો કાઢીને વધવા લાગે છે અને જેનાં જ્ઞાનાદીક સત્સંગ વગરનાં કુંઠીત થયાં છે તે સતપુરૂષનાં વચનથી ફરી પ્રકાસ કરે છે અને જે સાવ અનાધીકારી છે, તે કાંકરાની પેઠે જેવો ને તેવોજ રહે છે, સંતનાં વચન સાંભળીને પણ ચિત્તમાં કાંઈ ફેર પડતો નથી. અર્થાત સુધરતો નથી. (૫)

હવે સતપુરૂષ વચનનો ઉપદેશ કરે તેતો ઠીક પરંતુ ઉતમ અધિકારિને તો સંતની સ્વાભાવિકદશા છે તે પણ ઉપદેશ કરેછે એમ કહે છે.

(દો૦) સહજ દસા જો સંતકી, દિસા દીખાવત્ત સોય;
સાંત ચિત્તમેં હરિ પ્રગટ, સાંત કરો સબ કોય....(૬)

(ટીકા) સંતની સ્વભાવીક શાંત મુર્તિ જે છે તે પણ જે સ્થળમા પરમાત્મા પ્રગટ રહે છે તે સ્થળને સુચવે છે; કેવી રીતે કે સ્થીર નિર્મળ જળમાં જેમ પડેલી વસ્તુ પ્રગટ જણાય છે તેમ સ્થીર ચિત્તમાં પરમાત્મા પ્રગટ જણાય છે; તે સ્થીર ચિત્તને દેહ ઇંદ્રિયોની સ્થીરતા જે તે જણાવે છે; માટે જો કોય પરમાત્માનાં દર્શન કરવા ચાહોતો અસ્થીર ચિત્તને સ્થીર કરો; એમ સંત પુરૂષની મુર્તિ છે તે ઉપદેશ કરે છે. (૬)

હવે તે સંત પુરૂષની દ્રષ્ટિનો મહીમા ચાર દોહા કરીને કહેછે.

(દો૦) સહજ દ્રષ્ટિ જો સંતકી, ભરિ કરૂના રસપુર;
અનુકુલ જનપર ઝરત હૈ, પાપ તાપ સબ દુર......(૭)

(ટીકા) જેમ અમૃત રસથી ભરેલી ને કરૂણારસપુર એવી ચંદ્રમાની કિર્ણો જે છે તે ચકોર પક્ષીની ઉપર પડે છે. તેથી તે ચકોર પક્ષી સળગતા અગ્નીના અંગારા ભરખે છે તોપણ તે ધગતું નથી. તેમ કરૂણારસથી ભરેલી સંતપુરૂષની દ્રષ્ટિ જે છે, તેપણ અનુકુળજન એટલે વિનયાદીયુક્ત નમ્ર જે ભક્તજન છે તેનાપર પડે છે. અને અજ્ઞાન જનિત સર્વ પાપ અને પાપને પરિણામે થતા સર્વ પરિતાપ, તેને માત્ર સતપુરૂષની દયાવાળા જે દ્રષ્ટિ છે તે પણ દુર કરીનાખે છે. (૭)

(સોરઠો) સજ્જન કૃપાસુ દ્રષ્ટિ, પુષ્ટ કરૈ સુભ ગુનનકી;
ચંદ્ર અમૃતકી વૃષ્ટિ, સબ ઔષધિ પોષન કરૈ...(૮)

(ટીકા) જેમ ચંદ્રમાની કિર્ણોથી થતિ અમૃતની વૃષ્ટિ સર્વ ઔષધીનું પોષણ કરે છે. તેમ સંત પુરૂષની કૃપાદ્રષ્ટિ છે. તેપણ શમ, દમ, વિગેરે શુભ ગુણોની પુષ્ટિ કરે છે. (૮)

(દો૦) સજ્જન કૃપા કદાચ્છતે, પાકૃત સજ્જન હોય;
સજ્જનકી કૃપા વીના, સત પથલહે ન કોય......(૯)

(ટીકા) અનિતીની ચાહના કરનારા પણ મહા પુરૂષની કૃપાથી અનાચાર છોડીને મહાપુરૂષ બનીજાય છે. પરંતુ મહાપુરૂષની કૃપાવિના ઘણા સારા છે તેપણ સતપુરૂષના માર્ગને નથી પામી શકતા. (૯)

હવે તે અર્થને દ્રષ્ટાંત આપીને દ્દઢ કરે છે.

(દો૦) હીન જન્મ હિન કર્મસો, પાયક સંત સમાજ;
બાલમીક, નારદ, ભયે, ભવતારક જગ જયાહાજ (૧૦)

(ટીકા) પુર્વ જન્મમાં નીચ ભીલ અને દાસીપુત્રાદી જન્મ, અને નીચ દાસ્ય ચોરી આદિ કર્મથી યુક્ત એવા જે વાલ્મીક તથા નારદ વિગેરે, તે પણ મહાપુરૂષના સમાગમને પામીને મહાપુરૂષ થયા. તે પોતે તરે તેમાંતો કહેવુંશું. પરંતુ સર્વ સંસાર સમુદ્રના જીવોને તારવા માટે જયાહાજ એટલે વ્હાણરૂપ થયા. કેમકે સર્વ જગતના આચાર્ય થયા. જુવો કે જેના કરેલા શાસ્ત્ર રામાયણ આદીના આશ્રયે કરીને સર્વ જીવો સંસાર સમુદ્રને તરીજાય છે. (૧૦)

હવે સતપુરૂષના કરનો મહીમા કહે છે.

(દો૦) સાધુજનકો કર કમલ, ધર્યોસુ જાકે માથ;
સોઇ જન યા જગતમેં, માનીય ભયો સનાથ....(૧૧)

(ટીકા) જેના ઉપર સતપુરૂષનો હાથ પડયો, તે જગતમાં સનાથ એટલે સ્વામી જે ઇશ્વર તેનાથી યુક્ત અર્થાત ધણીઆતો જેનાથી મોટું કોય નથી એવા જગતપતિ તેનો માલ તે થયો. એમ સમજવું. કેમકે પછી તેના સામું યમરાજા પણ જોઈશકતા નથી. અને રાજા પ્રજા વિગેરે સહુ તેને હાથ જોડે છે, અને બીજા જીવ જેછે તે અનાથ એટલે કુતરાં મીંદડાંની પેઠે નીર્ધણીયા છે. જેમ નીર્ધણીયાં પશુને જંગલમાં જેમ ઢીર્ગા, ઢસલાં વિગેરેને હરકોઇ મારે પણ તેની

ક્રોધ ભ્રમ, રાવ, ફ્રર્યાદ, કરતું નથી, તેમ ભગવતં વિમુખ જીવ પણ અનાદીકાળથી સંસારમાં કુટાય છે. દુઃખ પામે છે. પરંતુ હજીસુધી તેની રાવ ફ્રર્યાદ છે નહિં. (૧૧)

હવે સતપુરૂષના ચરણનો મહિમા કહો છે.

(દોહ) સબતીરથ નીત બસતહે, સજ્જનકે પદમાંહિ;

પવિત્ર હોતજીહિં સેવતેં, જન બીન તીરથ નાંહિ;...(૧૨)

(ટીકા) સંતપુરૂષના ચરણમાં સર્વ તીર્થ રહે છે. કેમ ખાત્રી થાય ... કહે છે કે સંતપુરૂષના ભક્ત મુમુક્ષુ જે છે તે તીર્થમાં સ્નાન કર્યા વીના પણ જે સંતપુરૂષ; તેના ચરણની સેવાથીજ પર-અપવિત્ર થાય છે, જો ચરણમાં તીર્થ ન હોય તો પવિત્ર કેમ થાય છે; અર્થાત અપવિત્ર નથી રહેતા તેથી જાણીએ કે સંતના ચરણમાં સર્વ તીર્થ રહેલાં છે; (જુવો, નાભાજી, વીગેરે ઘણાજનો સંતના ચરણોની સેવાથીજ પવિત્ર થૈ ગયા છે.) તેથી ચોકર ખાત્રી થાય છે, કે સંતના ચર્ણમા સર્વ તીર્થ છે. (૧૨)

॥ ઇતિશ્રી—સંતશરિર મહિમા કથન—નામનું (૭) મું—પ્રકરણ સમાપ્ત.॥

* શ્રી સંતપ્રભાવ—પ્રકરણ (૮) મું—સત્સંગની સ્તુતિ.

હવે ફરીને જુદા જુદા રૂપમાં સત્સંગને ઉપમાઓ આપીને સ્તુતી કરે છે.

(દોહ) સજ્જન ચંદ્રકિ ચંદ્રિકા, સં... સીતલ જાંનીં;

જન ઔષધી પોષણ કરે. ત..., તમ, શ્રમ, કી હાંની,(૧)

(ટીકા) સતપુરૂષરૂપ ચંદ્રમાના સંગતી જે છે તે શીતળ ચાંદની છે, કેમકે જેમાં બેસવાથી અજ્ઞાનજનીતજે સર્વ તાપ છે, તે દુર થઇ જાય છે અને અંતઃકરણમાં પરમ આનંદરૂપ શિતળતા વ્યાપે છે, વળી ચંદ્રમાની ચાંદનીની પેઠે ભક્તજનરૂપ ઔષધીને દીનપ્રતિદીન જ્ઞાનામૃત વડીયેં પોષણ કરે છે અને અજ્ઞાનરૂપ તમ; તે તમથી

થયેલ અહંતા મમતાદી ભ્રમ અને તે ભ્રમથી થયેલ જે જે અધ્યાત્માદીક દુઃખ તે સર્વથી નિવૃત કરે છે, માટે સત્સંગતી છે તે સજ્જન ચંદ્રની ચાંદની છે. (૧)

હવે સત્સંગને ગંગાજીરૂપ કહીને નિરૂપણ કરે છે.

(દો૦) સતસંગતી શુચિ ગંગમેં, ક્રીડત આઠુ જામ;
સો સીતલ શુચી હોત હે, લગૈન ભવ દુઃખ ધાંમ ..(૨)

(ટીકા) સત્સંગતીરૂપ પરમ પવિત્ર ગંગાને વિશે જે [illegible]રી છે તે પ્રશ્ન ઉત્તર સદ્વચનનું શ્રવણ મનન અનુમોદન રૂપ ક્રીડા આઠે પોહોર કર્યા કરે છે, તે પુરૂષ શીતલ સ્વભાવ પામીને પરમ સુખી થાય છે અને અશુચી અજ્ઞાનાદી પુર્વના મળ રહિત થાય છે, અને હવે ફરીને નવીન દેહાત્મબુદ્ધિ અર્થાત દેહ છે તે હું છું એવી બુદ્ધિ આત્માને વિશે નહિં થાય, જેમ ગંગાજીમા સ્નાન કરતો હોય તે પુરૂષને તે વખતે ગંગાજીની અંદર કદાચ ચાંડાળનો કે તડકાનો સ્પર્શ થઇ ગયો તોપણ ગંગાજળના પ્રભાવથી પાપ કે તાપ નથી લાગ્યું, તેમ સત્સંગમાં સદા ક્રીડા કરતા પુરૂષને પણ સત્સંગના પ્રભાવથી પાપ તાપાદી બાધ નથી કરતા. (૨)

હવે સત્સંગનો જે પ્રભાવ તે દેખાડે છે.

(દો૦) સત્સંગતિ શુચિ ગંગ કે, નીર્નય શબ્દ તરંગ;
સમ્યક જ્ઞાન [illegible] કરે, પાપતાપ ભવભં[illegible] .....(૩)

(ટીકા) મતવાદી નાના પ્રકારના વાદવિવાદે કરીને સંન્નિગ્ધ એવા જે તતત્વંમ્ વિગેરે પદાર્થ છે, તેના સ્વરૂપનો નિશ્ચય કરાવનારા જે શબ્દ છે તે સત્સંગરૂપી ગંગાના તરંગ છે અને તે તરંગ છે તે અસંભાવના વિપરીત ભાવના રહિત યથાર્થ તત્વજ્ઞાનને પ્રાપ્ત કરે છે, અને સમ્યક જ્ઞાનકારા તે શબ્દ તરંગ છે, તે પાપ તાપ સહિત જે સંસૃતિ તેનો નાશ કરે છે. (૩)

હવે સત્સંગથી નીર્તીશય સુખની પ્રાપ્તી બતાવે છે,

(દો૦) જો સુખ હૈ સતસંગ મૈં, સો સુખ કહુવી નાંહિં;
ગર્ક હોત હૈ સુખ સબૈ, સત્સંગ કે સુખ માંહિં......(૪)

(ટીકા) ઉત્તમ અધિકારીને સતપુરૂષોના સંગમાં જે પરમાનંદની પ્રાપ્તી થાય છે તે સુખ સ્વર્ગ વીગેરે કોઈ લોકમાં છે નહિં, કેમકે સત્સંગથી પ્રાપ્ત થયેલ જે બ્રહ્મનો આનંદ, તેમાં સર્વ ક્ષુદ્ર આનંદ ગર્ક થઇ જાય છે. જેમ સર્વ નદીઓ અને શ્રેષ્ટ ગંગાજીનું જળ સમુદ્રમાં ગર્ક થાય છે તેમ બ્રહ્માનંદમાં સર્વ આનંદ ગર્ક થઈ જાય એમ સમજવું. (૪)

હવે આ ગ્રંથની સમાપ્તી કરે છે.

(દો૦) સતસંગતી કે ફલ વિષૈ, નહિ સંશય પરસંગ;
જો હુય તો અધિકારી વ્હૈ, કરી દેખ હુ સંગ......(૫)

(ટીકા) સતસંગમાં જે ફળ કહ્યાં તે સર્વ ફળ શાસ્ત્ર યુક્તિ અને અધિકારિનો જે અનુભવ, તેણે કરીને સિદ્ધ છે. તેમાં સંશયની પ્રાપ્તી છે નહિ. અને જો કોઇને સંશય થાય તો જેમ કરનાં કંકણ જોવા આરસી નહીં જોયે કેમકે તે આંખો આગળ પ્રત્યક્ષ છે. તેમ સત્સંગનું ફલ પણ પ્રત્યક્ષ છે. માટે અધિકારી થઇને સત્સંગની પરીક્ષા કરીજુવો. ફળ થાય છેકે નહીં. એમ પણ જો સત્સંગ કરશોતો અગ્નીના સંગથી ટહાઢની નિવૃત્તિ અને પ્રકાશની પ્રાપ્તીની પેઠે સત્સંગથી પણ ભક્તિ વૈરાગ્યાદીક [illegible] પ્રાપ્તી, અને અજ્ઞાનની નિવૃત્તિ [illegible] થશેજ. (૫)

આ બાબતના પુરાવામાં હું [illegible]ન મુકું છુ કે જો મેં સત્સંગ ન કર્યો હોત તો આવું લખવાની અભિલાષા મને કયાંથી થાત. પરંતુ સત્સંગ કર્યો તો અવી બુદ્ધ સુજી તેથીજ નક્કી સિદ્ધ છે [illegible] સંગતુલ્ય કોઇ શ્રેષ્ટ પદાર્થ નથી. **લી. મેઘજી [illegible]લજીની સહી. દ. પોતે.**

પ્રભુપ્રેરણાથી.

(દો૦) રામચંદ્ર પદવંદીકે, માંગત માનકદાસ;
રામ સદા મોહિં દીજીયે, સત્સંગતિમેં વાસ........(૧)

(ટીકા) રઘુકુળ પતી શ્રી રામચંદ્રજીના ચરણકમળને વિનયપુર્વક વંદન કરીને આ ગ્રંથના પ્રથમ મુખ્ય લેખક શ્રીયુત મહાત્માશ્રી.(૧૦૮) શ્રી માણકદાસજી કહે છે કે હે રઘુકુળ પતિ શ્રી રામ મને સદા સર્વદા સત્સંગમાં વાસ આપજો. (૬)

॥ ઇતિશ્રી સત્સંગ સ્તુતિ નામનું (૮) મું પ્રકરણ સમાપ્ત.

॥ શ્રી સંતપ્રભાવ ગ્રંથ સંપુર્ણ. ॥

(ચોપાઈ.)

સંતપ્રભાવ કીયે સુભ ગ્રંથા, બહુત યુક્તિ હૈ મુક્તિકો પંથા;
શ્રવન પઠન વા કરી નર કોઈ, તિહં સતસંગતિ રૂચી અતી હોઇ. ૧
માનકદાસજી યાકે કરતા, સંત મુકુટમની સુભ ગુન ધરતા;
કર કમંડલુ ગુદરી ધારી, બડે ઉપરામ બડે વીચારી. ૨
ત્રીયલોક રામ સાધુ ગાવે, નિરખ પ્રબંધહિ મન લલચાવે;
લીખન લીખાવન મેં દુઃખ ભારી, યાતેં છપવાવન મતીધારી. ૩
નારાયણજી પ્રેસનકીનોં, તિન છપવાય પ્રગટ કરી દીનો;
વિરક્ત સંતકું મિલે બીન દામા, ધનયુક્તકું મિલિ કરકે નામા. ૪

(દોહા.)

સબ સાધન ફલ ફુલ [illegible], સતસંગતિ અતિ સાર;
કપટ રહિત અતિ [illegible] યત, કિય ભવ [illegible] ૫
ધ્રુવપદ રાજપદ ઇંદ્ર [illegible], [illegible] તનકો રાજ.
મેઘજી યહ મનમિંલો, મિલયે સંત સમાજ.
જ[illegible] ગમેં અંગહૈ, તબલગ યહુ સતસંગ;
મેઘા માલીકકો મિલ્યા, જનકુ અંગ અભંગ. ૭